કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, જુન ૨૦૨૦ | ₹ ૨૦

વિશ્વકર્મા વિશ્વ

આ છે સમાજના ભાવિ ડોક્ટરો અને ઇજનેરો...

શૈક્ષણિક વિશેષાંક

મામલતદાર આરઝુ ગજ્જર : સાચા અર્થમાં બની કોરોના વૉરીયર્સ

વીની વડગામા : પત્રકારત્વ ક્ષેત્રે ઉભરતું નામ

જેનીસ ચંદવાણીયા : મેળવી રહ્યો છે મહિને અર્ધો લાખ

Olive®
Believe in the Best
www.oliveworld.co.in

MAKE IN INDIA

#Vocal for Local

HANDS FREE SANITIZER STAND

Product Features :-

- *Hands free pedal operated Sanitizer station, simple and easy to use.*
- *Providing 1 Litre Sanitizer Bottle with Funnel.*
- *Maximum diameter of bottle 100mm, bottle height min 125mm up to 300mm.*
- *Maintenance free rust proof material.*
- *100% Mechanical - No batteries.*
- *No installation required.*
- *High density base with Antiskid Buffer.*
- *Available in 3 Finish, Engineering Plastic, Stainless Steel 304 & Mild Steel.*

PVC SS MS

EVERSHINE APPLIANCES PVT. LTD.
(CIN. U27108GJ2004PTC044421)
Plot No. 41, Ichhapore GIDC, Opp. ONGC, Sachin-Hazira Road, Bhatpore Village, Surat - 394 510 (Gujarat) INDIA.
+91 90999 12401, 261 2841532, 2840008. info@oliveworld.co.in www.oliveworld.co.in

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269

Volume No.-8, Issue No.5
Date : 10-06-2020

Page : 46
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

Editor : Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

Graphic Design : Amit Vaghela

Web Editor : Parth Gajjar

Marketing : Rameshbhai Vaghasana

Office : Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

E-mail: vishwakarmavishwa@yahoo.com
Web: vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.

તંત્રી સ્થાનેથી...

વિશ્વકર્મા બાગના પ્રમુખના રાજીનામાથી દેશભરના સમાજ સ્તબ્ધ

દેશ અને વિદેશમાં જેની નામના છે. તેવા દેશના સૌથી સમૃદ્ધ એવા વિશ્વકર્મા બાગમાં બે ટ્રસ્ટીઓને કો. ઓપ્ટ કરવા જરૂરી કાર્યવાહી કર્યા વગર અને પ્રમુખને વિશ્વાસમાં લીધા વગર બે ટ્રસ્ટીઓને કો. ઓપ્ટ કરવા થયેલી કાર્યવાહી નિયમોને અનુરૂપ ન હોવાના કારણોસર વિશ્વકર્મા બાગના પ્રમુખે પદની અને વિશ્વકર્મા બાગની ગરીમા જાળવવા આપી દીધેલ રાજીનામાના કારણે મુંબઇનો સમાજ જ નહીં દેશભરનો સમાજ સ્તબ્ધ થયો છે અને સમગ્ર દેશમાં ગૌરવરૂપ સમા વિશ્વકર્મા બાગના વહીવટને ખોટે રસ્તે દોરનાર પર મુંબઇના મોટા ભાગનો સમાજ ઉગ્ર નારાજગી વ્યાપી હોવાનું જાણવા મળેલ છે. પંકજભાઇ પછી ટ્રસ્ટી જયંતભાઇ જોલાપરાએ પણ રાજીનામું આપ્યું છે.

ગત ચૂંટણીમાં પંકજભાઇ ભેંસાણીયાની પેનલ સારી એવી સરસાઇથી વિજેતા થઇ હતી.

પંકજભાઇ ભેંસાણિયાની પેનલમાં પંકજભાઇ ભેંસાણિયા ઉપરાંત પ્રાણભાઇ મહીધરીયા, જયંતભાઇ જોલાપરા, નરેન્દ્રભાઇ વડગામા, હર્ષદભાઇ ઘોરેચા, રસીકભાઇ વઘાડીયા અને તુષારભાઇ ધ્રાંગધરિયા વિજેતા થયા હતા. બાદમાં પંકજભાઇ ભેંસાણિયા પ્રમુખ, રસીકભાઇ વઘાડિયા, ઉપપ્રમુખ અને તુષારભાઇ ધ્રાંગધરિયા ખજાનચી અને નરેન્દ્રભાઇ વડગામા સહખજાનચી બન્યા હતા અને હર્ષદભાઇ મંત્રી બન્યા હતા.

નવી ટ્રસ્ટ કમિટી આવ્યાને છ જ મહિનામાં તુષારભાઇ ધ્રાંગધરિયાએ અને પછીના છ માસમાં ઉપપ્રમુખ રસીકભાઇ વઘાડીયાએ રાજીનામા આપ્યા હતા.

એક અને દોઢ વર્ષથી ખાલી પડેલ જગ્યા પર નવી નિમણુંક કરવાની ચર્ચા દરમ્યાન નવી નિમણુંક નહીં પરંતુ પાંચ ટ્રસ્ટીઓથી ચલાવી લેવાનો સુર વ્યકત કરવામાં આવતો હતો. આથી એક દોઢ વર્ષથી ખાલી પડેલ જગ્યાઓ ભરવા એકાએક કાર્યવાહી કરવાની જરૂર પડી ? તેવો સવાલ સમાજમાંથી ઉઠયો છે. પ્રમુખ પંકજભાઇ ભેંસાણિયાએ તો ટમીએ મિટીંગ બોલાવી ચર્ચા કરી નિયમ પ્રમાણે કાર્યવાહી કરવાનો મત વ્યકત કર્યો જ હતો. ટ્રસ્ટી જયંતભાઇ જોલાપરાએ પણ આવો જ મત વ્યકત કર્યો હતો. છતાં મીટીંગ બોલાવી મિનિટસ લખ્યા વગર બે નવા ટ્રસ્ટીઓને કો. ઓપ્ટ કરવા ઉતાવળે થયેલ કાર્યવાહીને કારણે સમગ્ર સમાજ સ્તબ્ધ બન્યો છે. ત્યારે સમાજમાં એવા સવાલ ઉઠયા છે કે ટ્રસ્ટીઓને કો. ઓપ્ટ કરવા આવી ઉતાવળ શા માટે કરાઇ ? આ સમગ્ર ઘટના પાછળ કોઇનો દોરી સંચાર છે ? અને આવી નિયમ વિરુદ્ધની કાર્યવાહીમાં કેટલાક ટ્રસ્ટીઓએ કેમ સાથ આપ્યો ?

ચુંટણીમાં પંકજભાઇની પેનલ વિજેતા થઇ તેમાં પંકજભાઇની પ્રતિષ્ઠાએ સિંહ ફાળો આપ્યો હતો. તેમના નેતૃત્વમાં સારી કામગીરી થઇ જ છે. કોરોનાના લોકડાઉનમાં જરૂરીયાતવાળાને આર્થિક સહાય શરૂ કરવાની સૌથી પહેલા પંકજભાઇ અને તેની ટીમે જ કરી અને તેના પરથી પ્રેરણા લઇ અન્ય શહેરોમાં પણ રાહત કામગીરી શરૂ થઇ હતી. આવી પરિસ્થિતિમાં બાકીના ટ્રસ્ટીઓએ પણ રાજીનામા આપી. નવેસરથી ચૂંટણી કરવી જોઇએ તેવો સુર ઉઠયો છે. નવા ટ્રસ્ટીઓ કો. ઓપ્ટ કરવા ઉતાવળે અને નિયમ વિરુદ્ધની કાર્યવાહીને કારણે આવતા દિવસોમાં મોટો વિવાદ સર્જાવાની શકયતા નકારી શકાઇ તેમ નથી. દેશભરના સમાજમાં પંકજભાઇ ભેંસાણિયાનું આગવું સ્થાન હોવાથી પંકજભાઇના રાજીનામાથી દેશભરનો સમાજ સ્તબ્ધ થયો છે.

◆ પ્રવિણ ગજ્જર

નોંધ : વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

કાર્ટુન કોર્નર

- ભરતભાઈ વડગામા (જામનગર)

DIGITAL EDITION

અભ્યાસમાં સફળતાનું કેન્દ્ર એટલે અભ્યાસમાં એકાગ્રતા

અનિલ અંબાસણા

તમાકુનું કોઈપણ પ્રકારનું સેવન તંદુરસ્તી માટે હાનીકારક હોય છે. આ તથ્ય સારી રીતે જાણતા હોવા છતા લોકો બીડી - સિગારેટ પીવાનું, તમાકુવાળા પાન કે ફાકી ખાવાનું ચાલુ રાખે છે. આવા લોકોને તમાકુના સેવનનું બંધાણ કે વ્યસન થઈ જાય છે. જે એક પ્રકારની આદત છે. કોઈપણ ક્રિયા વારંવાર કરવાથી તેની આદત પડી જાય છે. તમાકુના વ્યસનીઓને તમાકુના સેવનની આદત કે લત પડી ગઈ હોય છે. તમાકુના સેવનમાં તેમને ક્ષણિક મજા આવતી હોય છે, આનંદ આવતો હોય છે. આ મજા કે આનંદ માણ્યા વગર તેઓ રહી શકતાં નથી. ખરાબ આદત એક સમસ્યા છે. સારી આદત વ્યક્તિની ક્ષમતા બને છે. સારી ક્રિયા વારંવાર કરવાથી સારી આદત પડે છે.



એકાગ્રતા શું છે, એકાગ્રતા કેટલી મહત્વની છે તે સમજો. તમે ક્રિકેટનો ટી ૨૦ મેચ રમી રહ્યાં છો. તમારી ટીમને જીતવા માટે પાંચ રનોની જરૂર છે, તમે બેટીંગ કરી રહ્યાં છો. છેલ્લી ઓવરનો છેલ્લો બોલ નાખવાનો બાકી છે. સામેની ટીમનો કેપ્ટન ચુસ્ત ફિલ્ડીંગ ગોઠવી રહ્યો છે, બોલરને બોલ શી રીતે નાખવો તેની સુચના અને માર્ગદર્શન આપી રહ્યો છે. બધાની નજર તમારા પર છે. બધાની આશા તમારા પર છે. ઓડિયન્સમાંથી ભારે દેકારો, ચિચિયારીઓ થઇ રહ્યાં છે, કોઈ બોલરને તો કોઈ તમને પ્રોત્સાહન આપી રહ્યાં છે, We want sixer, we want sixerની માંગણી કરી રહ્યાં છે. તમારા ચાહકો અને વિરોધીઓના શ્વાસ પણ અધ્ધર થઇ ગયા છે. તમારી પાસે છક્કો માર્યા સિવાય તમારી પાસે કોઈ વિકલ્પ નથી. આ સ્થિતિમાં તમે શું કરશો? તમારે ચારે બાજુના દેકારાવાળા માહોલમાં પણ તમારું ધ્યાન માત્રને માત્ર બોલર દ્વારા ફેંકાવાના બોલ પર જ કેન્દ્રિત કરવું પડે, જાત પર વિશ્વાસ રાખવો પડે. તમારી એકાગ્રતા જ તમારી ટીમને જીત અપાવી શકશે. બોલ ફેંકાય છે, તમારી નજર બોલ પર છે. તમને ક્રિકેટનો બોલ ફૂટબોલ જેવડો દેખાય છે, અને તમે પૂરી તાકાતથી બોલને ફટકારો છો. તમારી આખી ટીમ મેદાન પર ધસી આવે છે અને તમને હર્ષોલ્લાસથી ઉંચકી લે છે.

અભ્યાસમાં, કોઈપણ રમતમાં જરૂરી એકાગ્રતા જેવી જ પૂર્ણ એકાગ્રતાની આવશ્યકતા અનિવાર્ય હોય છે. પરંતુ વિદ્યાર્થીઓમાં ઘણીવાર અભ્યાસમાં, ભણવામાં એકાગ્રતા ન જળવાતી હોવાની ફરિયાદ હોય છે. ખાસ કરીને વિદ્યાર્થીઓને અભ્યાસમાં, ભણવામાં ધ્યાન કેન્દ્રિત થતું નથી, શીખેલું યાદ રહેતું નથી, યાદ રાખવામાં મુશ્કેલી પડે છે. જેને કારણે અભ્યાસ કે ભણવામાં કંટાળો આવે છે, અભ્યાસ કે ભણવાનું ગમતું નથી. ભણે છે; પણ પરાણે ભણે છે. ભણવું પડે છે; માટે ભણે છે. જો આવું અવારનવાર થાય, વારંવાર થાય એટલે તે આદતનું સ્વરૂપ ધારણ કરે છે. વર્ગમાં કશું સમજાતું નથી, વાંચવું ગમતું નથી, વાંચેલું સમજાતું નથી. આવા વિદ્યાર્થીઓ અભ્યાસમાં કે ભણવામાં હતોત્સાહી થઇ જાય છે, નિરુત્સાહી થઇ જાય છે. અભ્યાસમાં સફળ થતાં નથી.

મિત્રો, ફિલ્મ જોવા માટે, રમવા માટે, ગપ્પા મારવા માટે, કે તોફાન કરવા માટે કોઈની પ્રેરણાની જરૂર પડે ખરી? તો બસ એ જ રીતે ભણવાની બાબતમાં, અભ્યાસની બાબતમાં પણ થવું જોઈએ. કોઈ કહે અને ભણો એમ નહિ. જાતે ભણો, ઉત્સાહથી ભણો, દિલથી ભણો, પ્રેમથી ભણો, ઉમંગથી ભણો, આત્મવિશ્વાસથી ભણો, શ્રદ્ધાથી ભણો. તમારી પાસે ભણવા માટેનું, અભ્યાસ કરવા માટેનું કોઈ ઠોસ કારણ હોવું જોઈએ. કારણ વગર કશું થતું નથી. કારણ વગર ભણી શકાય નહિ. કારણ વગરનું ભણવું, કારણ વગરનો અભ્યાસ કરવો એટલે દિશા વગરનું ભટકવું, નિશાન વગરનું તાકવું.

ધારો કે તમે રણ પ્રદેશમાં છો. રણમાં ફરતા ફરતા ભુલા પડી ગયા છો. ખોવાય ગયા છો. રસ્તો દેખાતો નથી. દિશા સમજાતી. તમે ગભરાય ગયા છો. તમે આમ તેમ દોડાદોડી કરો છો. મદદ માટે જોર જોરથી બુમો પાડો છો. આમને આમ ધોમ ધખતા તાપમાં

ભટકતા ભટકતા બે દિવસ પસાર થઈ ગયા. તમે થાકીને લોથપોથ થઈ ગયા છો. પાસેનું થોડું પાણી હતું તે પણ ખલાસ થઈ ગયું છે. તમને ખુબ જ તરસ લાગી છે. ગળું સુકાય છે. જીભ પણ સુકાય ગઈ છે. આંખે અંધરા આવે છે. ચાલવાની તો વાત જ નથી, ઉભાં થવાની પણ શક્તિ નથી રહી. અસ્તિત્વ ટકવાનો સવાલ હતો. પાણી માટે અવાજ નીકળતો ન હતો. માત્ર હોંઠો થોડા થોડા ફફડતાં હતાં. આ પરિસ્થિતિમાં તમે શું કરશો? મનમાં માત્ર એક વિચાર ઘૂમ્યા કરશે પાણી, પાણી, અને પાણી. અસ્તિત્વ ટકવવાનો સવાલ છે. અને એ માટે અત્યારે જરૂર છે માત્ર પાણીની. તમારું સઘળું ધ્યાન માત્ર ને માત્ર પાણી પર જ કેન્દ્રિત થયેલું રહેશે.

હવે, સવાલ તમારે શું જોઈએ છે; તેને ઓળખવાનો છે. જે જોઈએ છે તે શી રીતે મેળવી શકાય તે વાસ્તવિકતાને સમજવાનો છે, તે માટે તમારી પાસે ક્ષમતાઓ છે તે વાસ્તવિકતાને સ્વીકારવાનો છે. સવાલ માત્ર ઈચ્છાનો નહિ, ધગધગતી ઈચ્છાનો છે. Burning desireનો છે. યાદ રાખજોઃ ધગધગતી ઈચ્છા સિદ્ધિ પ્રાપ્ત કરવાનું પ્રથમ સોપાન છે. ધગધગતી ઈચ્છા સફળતાનું પહેલું કદમ છે. જે વિષય ગમતો હોય તેનો અભ્યાસ કરવો ગમે છે. માત્ર એક જ વિષય ભણવાનો હોતો નથી. ન ગમતાં બાકીના વિષયોનું શું કરશો? વિદ્યાર્થી તરીકે તો બધા વિષયો ભણવા પડે છે. અણગમો કે અરુચિ એક લત છે, એક નબળી આદત છે. કષ્ટ પડે, મજા ન આવે, ગમે નહિ, વેદના થાય કે સાનુકુળતા ન મળે તેવી બાબતો તેવાં કાર્યોથી માણસ દુર ભાગે છે, તેનાથી વિમુખ રહે છે. જયારે સુખ, આનંદ, મજા, સાનુકુળતા આપતી બાબતો તરફ આકર્ષાય છે. મજા આવે, આનંદ આવે તે કરે છે. પરંતુ જીવનમાં બધે જ મજા આવે, આનંદ આવે, કષ્ટ ન પડે એવું નહિ બને. મજા સાથે કષ્ટ ભોગવવાની તૈયારી રાખવી જ પડે. કેટલીક પ્રાપ્તિ કષ્ટ વગર શક્ય જ નથી. No Pain, No Gain.



બધાને સારું કાર્ય કરવું હોય છે. પણ ઘણીવાર સારું કાર્ય કરવામાં મજા આવતી હોતી નથી. ધારો કે એક કદાવર શક્તિશાળી ઘોડો છે. તેને આઠ દસ માણસો પકડી રાખે તો સરળતાથી તે બધાને પછાડી દે તેવો. તમને આ ઘોડા પર બેસાડવામાં આવે છે. ઘોડો આમ તેમ ભાગા ભાગી કરે છે. બહુ ઉછળકૂદ કરે છે. તમે શું કરશો? ઘોડાને નિયંત્રણમાં રાખવો પડે. તે માટે લગામનો ઉપયોગ કરવો પડે. આપણું મન ઘોડા જેવું છે. ભટકતા મનને કાબુમાં રાખતા શીખવું પડે. મનને કાબુમાં રાખવા માટે લગામની જરૂર પડે.

આમ ધ્યેય પ્રાપ્તિની ધગધગતી ઈચ્છા હોવી જોઈએ. કાર્ય કરવા પાછળનું કોઈ સબળ કારણ હોવું જોઈએ. આ કાર્ય હું કરીને જ રહીશ. ગમે તેવી પ્રતિકૂળતામાં પણ હું ઉપડેલા કાર્યને વળગ્યો રહીશ. કાર્ય અધૂરું નહિ છોડું. આ પ્રકારની ધગધગતી ઇચ્છા રાખો. મન તો કાર્ય ન થઈ શકવાના બહાના બતાવશે. બચાવના કારણો આપશે. જો એ સ્વીકારવાની આદત પડી ગઈ તો તમારું જીવન ખરાબ કરી નાખશે. આવી આદત પાડશો નહિ. વિદ્યાર્થી તરીકે તમારી પાસે બે વિકલ્પો છેઃ (૧) નથી કરવું અને (૨) કરવું છે. કહેવાની જરૂર નથી કે બીજો વિકલ્પ શ્રેષ્ઠ છે. મારે કરવું છે. આદરથી કરવું છે. દિલથી કરવું છે. માટે મારે ભણવું છે. માટે મારે અભ્યાસ કરવો છે. માત્ર વિચાર કરવાથી, સામાન્ય કોશિષ કરવાથી કશું હાંસલ નહિ થાય. અંદરથી જુસ્સાથી થવું જોઈએ કે મારે કંઇક કરવું છે. ભણશો નહિ, અભ્યાસ કરશો નહિ તો શું કરશો?

જે વ્યક્તિ સાચું કે સારું કરી શકતી નથી તે જ ખોટા માર્ગે જાય છે. જેની પાસે કંઇક કરવાનું કારણ જ નથી હોતું તે મજા કરે છે. તે ભટકે છે. જે કાર્યમાં કષ્ટ પડે, દર્દ થાય, મહેનત કરવી પડે તેવા કાર્યો કરવાનું મન ના પાડે છે. આવા લોકો એકાગ્રતા જાળવી શકતાં નથી. માટે તમારા કાર્યને પ્રેમ કરો. બાહ્ય પ્રેરણાઓની પણ મર્યાદાઓ છે. અંદરની પ્રેરણાની શક્તિ અમાપ છે, અઢળક છે. અંદરથી થવું જોઈએ કે મારે કંઇક કરવું છે. વિદ્યાર્થી તરીકે જીવનનો પ્રથમ ધ્યેય સારી રીતે અભ્યાસ કરવાનો કે ભણવાનો હોવો જોઈએ. આ માટે પુરેપુરી એકાગ્રતા હોય તે જરુરી છે. એકાગ્રતાથી કરેલું કાર્ય ધાર્યું પરિણામ આપે છે.

તો ચાલો અભ્યાસમાં એકાગ્ર થવા માટે અને એકાગ્રતા ટકાવી રાખવા માટે શું કરવું જોઈએ તે સમજીએ.

૧. સમય પત્રક બનાવો.

આવતા દિવસોમાં તમે શું અને શી રીતે કાર્ય કરવાનાં છો? આ બાબત પર ગંભીરતાથી વિચારો. હવે પછી કરવાનાં કાર્યોનું આયોજન કરો. આ આયોજનમાં વિષયવાર કરવાના કાર્યો / પ્રવૃતિઓ અને તે માટેના સમયને ધ્યાનમાં લેવા જોઈએ. કાર્યોમાં લેખન, વાંચન, ગણન, આકૃતિઓનું આલેખન જેવી બાબતોનો સમાવેશ કરો. લેખનમાં નિબંધ, ટુંકનોધ, વિસ્તૃત ઉત્તરો, વ્યાકરણના મુદ્દાઓ, દાખલાઓ, કૂટપ્રશ્નો, પ્રમેયો, વ્યાખ્યાઓ, તેમજ અગાઉની પરીક્ષાઓના પ્રશ્નપત્રોના ઉકેલો હોય શકે. વાંચનમાં પાઠ્યપુસ્તકના પ્રકરણો, પ્રશ્ન-જવાબ, માર્ગદર્શિકા કે તમે તૈયાર કરેલ પ્રકરણોના સ્વાધ્યાયો, ટૂંકજવાબી પ્રશ્નો, વ્યાખ્યાઓ, અંગ્રેજી શબ્દોના સ્પેલિંગ નિબંધમાળા, વ્યાકરણના પુસ્તકોનો સમાવેશ કરી શકાય. ભૂગોળ, વિજ્ઞાન, ગણિત,જ જેવા વિષયોમાં આવતી આકૃતિઓ દોરવાની પ્રેક્ટીશ કરવી જોઈએ. ગણનમાં દાખલાઓ, કૂટપ્રશ્નો, પ્રમેયો પર આધારિત રાઇડર્સના જાતે ઉકેલની પ્રેક્ટીશ કરવી જોઈએ.

કયા દિવસે, ક્યારે અને કેટલો સમય કયા કાર્યોને ફાળવશો તે વિગતે લખો. આ બધું થઈ શકે તેવી રીતે વ્યવહારુ રીતે લખો. આયોજનમાં તમારા ઉત્સાહને કાબુમાં રાખવો. Think Big, Start Slow, Small and Steady. આયોજનનું અમલીકરણ ધીરેધીરે શરુ કરો. એક સાથે લાંબા સમયના આયોજનથી થાકી જશો. અભ્યાસમાંથી રુચિ ઉડી જશે.ભણવામાં કંટાળો આવશે. પ્રેરણા ઉત્સાહ ઓસરી જશે. એના કરતાં શરુઆતમાં ૨૦-૨૫ મિનિટ કાર્ય કરો. પાંચ સાત મિનિટનો વિરામ કરો. ઉભા થાવ, આંટા મારો, ગમતું ગીત ગણગણો, પાણી પીવો. પછી ૩૦-૪૦ મિનિટનો અભ્યાસ અને નાનો વિરામ. આમ કરતા કરતા સમય વધારો ૪૦-૫૦ મિનિટ ત્યારબાદ સળંગ કલાક સવા કલાક અને ટુંકો વિરામ. તમારા મનને ધીમે ધીમે સળંગ લાંબો સમય માટે કાર્ય કરવાની આદત પાડો.

દિવસ દરમિયાન સારી રીતે કાર્ય કરવાનો સમય વ્યક્તિ વ્યક્તિએ અલગ અલગ હોય શકે. કોઈને સવારે વહેલા ઉઠીને કાર્ય કરવું ગમતું

હોય કે ફાવતું હોય. તો વળી કોઈને બપોરે કે સાંજનો સમય અનુકુળ આવતો હોય. કેટલાક મોડી રાત સુધી કાર્ય કરવા ટેવાયેલા હોય છે.તમને દિવસના કયા સમયે કામ કરવું અનુકુળ રહેશે, ગમશે કે ફાવશે તે શોધી કાઢો. ગમતાં સમયે એકાગ્રતા સારી હોય છે. ગમતાં સમયે કરેલું કામ સારું થાય છે. કામગીરી ઉતમ કક્ષાએ જોવા મળે છે. કરેલી મહેનત અવશ્ય ફળે છે.

૨. પુનરાવર્તન કરો.

બરાબર સમજી લો, Regular Repetition/Practise is the mother of any sort of learning. અભ્યાસમાં પુનરાવર્તન ખુબ જ મહત્વ ધરાવે છે. પુનરાવર્તન ક્યારે ક્યારે કરશો? આ માટે ચોક્કસ સમય ગાળો, ચોક્કસ સમયાંતરને ધ્યાનમાં લેવું અનિવાર્ય છે.

કેટલામું પુનરાવર્તન .... ક્યારે કરશો?
પહેલું...................... શીખ્યા હો તે જ દિવસે
બીજું .... ૨૪ કલાક પછી/ એક દિવસ પછી
ત્રીજું .... એક અઠવાડિયા પછી
ચોથું....................... એક મહિના પછી
પાંચમું .... ત્રણ મહિના પછી

આ સમય ગાળા કેટલાય સંશોધનોના આધારે સુચવવામાં આવેલા છે. આ રીતે કરેલાં પુનરાવર્તનથી શીખેલું સરળતાથી સમજાય જાય છે અને યાદ રહી જાય છે.

૩. પુરતી ઊંઘ લો.

રસ્તા પર થતાં કાર, બસ કે ટ્રકના અકસ્માતોના સમાચારો તમે છાપામાં વાંચ્યાં હશે. આ અકસ્માતોના ઘણા કારણો પૈકીનું એક મુખ્ય કારણ ડ્રાઈવરને આવી ગયેલું ઝોકું હોય છે. જો ડ્રાઈવરે પુરતી ઊંઘ ન કરી હોય, થાકેલો હોય તો લાંબા રુટમાં ડ્રાઈવિંગ દરમિયાન ઝોકું આવી જવાની પૂરી સંભાવના હોય છે. જેના કારણે ડ્રાઈવર એકાગ્રતા ગુમાવી દે છે.વાહન ડ્રાઈવરના નિયંત્રણમાં રહેતું નથી. ડ્રાઈવરનો વાહન પરનો કાબુ રહેતો નથી. અને ભયાનક અકસ્માત થાય છે.

આપણે આખો દિવસ કંઈકને કંઈક કામ કરતાં જ હોઈએ છીએ. જેના લીધે આપણું શરીર થાકી જાય છે. થાકેલા શરીરને આરામની જરુર પડે. આ માટે ઊંઘ કરવી પડે. મનોવૈજ્ઞાનિકો તંદુરસ્ત માણસે સરેરાશ સાતથી આઠ કલાકની ઊંઘ કરવાનું સૂચવે છે. પુરતી ઊંઘને કારણે બીજે દિવસે તાજામાજા રહેવાય છે. બીજા દિવસે સારી રીતે કામ કરી શકાય છે. કામમાં એકાગ્રતા જળવાય છે. ઓછી કે અપૂરતી ઊંઘથી એકાગ્રતામાં ભંગ પડે છે. કામમાં એકાગ્રતા જળવાતી નથી. સુસ્ત શરીર થાકેલું હોય છે. આળસ, બગાસા, અને ઝોકા આવે છે.શરીર અકળામણ અનુભવે છે. આથી અભ્યાસમાં અને વર્ગમાં ધ્યાન કેન્દ્રિત કરી શકાતું નથી. કશું જ ઉત્પાદક કાર્ય થઈ શકતું નથી અને સમયનો વ્યય થાય છે. વહી ગયેલો સમય ફરી પાછો મળતો નથી.

૪. તણાવ મુક્ત રહો.

અભ્યાસ દરમિયાન ઘણા વિદ્યાર્થીઓને ચિંતાઓ સતાવતી હોય છે. યાદ રહેતું નથી. પરીક્ષા ઘણી નજીક છે અને કોર્સ ઘણો બાકી છે. વ્યાકરણ પર તો હજી નજર પણ કરી નથી. પુનરાવર્તન ક્યારે કરીશ. કેટલીક ચિંતાઓ વાજબી અને વાસ્તવિક હોય છે. તો કેટલીક ચિંતાઓ અવાસ્તવિક હોય છે. જેના કારણે વિદ્યાર્થીઓ કાલ્પનિક ભયનો ભોગ બનતા જોવા મળે છે. પરિણામે તેઓ તણાવ અનુભવે છે. એક પ્રકારનો અજંપો અનુભવે છે. તેઓને પોતાની ક્ષમતામાં વિશ્વાસ હોતો નથી. પાછા પડી ગયા હોય, હારી ગયા હોય તેવું સતત વિચારતા હોય છે. તેઓ પોતે પુરા કરેલાં કાર્યો પર નજર જ કરતાં નથી. પરિણામે શું હાંસલ કરી લીધું છે તેની જ તેમને ખબર હોતી નથી. બસ હવે શું કરીશ, હવે શું થશેની ચિંતામાં ડૂબી જાય છે. અભ્યાસમાં, ભણવામાં એકાગ્રતા ગુમાવી દે છે. આ સમયને ચિંતાનો સમય Worry time કહેવાય. ચિંતા એ સમયનો બગાડ છે. ચિંતા કરવાથી કશુજ પ્રાપ્ત થતું નથી. ચિંતાના સમય Worry time ને અભ્યાસના સમય Study time માં પરિવર્તિત કરો.

ઘણીવાર માતા પિતા કે ઘરના અન્ય સભ્યો કે મિત્રો સાથે માથાકુટ, બોલચાલ, ઝઘડો થયા હોય. વાંક વગર તમને સજા કરી હોય કે શિક્ષકનો ઠપકો સાંભળવો પડ્યો હોય, કોઈ વાત પર કે કોઈના વર્તન પર ગુસ્સો આવતો હોય, ક્યાંક ગેરસમજ થઈ હોય...આવી નાની મોટી સમસ્યા અને મૂંઝવણ તો રહેવાની. સમસ્યાની ચિંતા સમયનો બગાડ છે. જે તણાવ પેદા કરે છે. ચિંતા કરવાથી કે તણાવમાં રહેવાથી કશું મળશે નહિ. સમસ્યાઓ ઉકેલો, તેમનું સમાધાન કરો. ક્યારેક કઇંક જતું કરતાં પણ શીખો. માફ કરો. માફી માંગો. Sorry કહેવામાં શરમ કેવી? Sorry કહેવામાં ક્યારેય મોડું કરવું નથી. સ્વભાવ બદલો, મુડ બદલાશે. હસો અને હસાવો. આનંદ કરો અને કરાવો. આ જીવનમાં કરવા જેવા કાર્યો છે. આમ કરવાથી મન શાંત થશે, પ્રસન્નતા પ્રાપ્ત થશે. બધું ગમવા લાગશે. અભ્યાસમાં જીવ પોરવાશે, કામમાં એકાગ્રતા આવશે એકાગ્રતા જળવાશે.

૫. યોગ્ય આહાર લો.

આહાર શરીરરૂપી એન્જિનનું ઇંધણ છે, પેટ્રોલ છે, ડીઝલ છે. એન્જિનને ચલાવવા માટે ઈંધણની જરૂર પડે તેમ શરીરને કામ કરતું રાખવા માટે, ચુસ્ત રાખવા માટે, તંદુરસ્ત રાખવા માટે ખોરાક - આહારની જરુર પડે. જો વાહનમાં ભેળસેળવાળું ઈંધણ પુરવામાં આવે તો એન્જિનની કાર્યક્ષમતા ઘટે છે. એન્જિન કામ કરતું બંધ થઇ જાય છે. એ જ રીતે સારા આહાર વગર શરીરની પણ કાર્યક્ષમતા ઘટે છે. યોગ્ય માત્રામાં ગુણવત્તા યુક્ત પોષણક્ષમ આહાર લેવો જોઈએ. આહારમાં ખાસ કરીને કાર્બોદિત, પ્રોટીન, વિટામિનસ, ખનીજ ક્ષાર અને શુદ્ધ પાણીનો સમાવેશ થાય છે. આહારની મગજ પર અસર થાય છે. તે શરીરના વિવિધ અંગોની કાર્યપ્રણાલીને પ્રભાવિત કરે છે.

વિદ્યાર્થીઓએ ભોજનની વિવિધ વાનગીઓ પ્રત્યે ગમા અણગમા પ્રદર્શિત ન કરવા જોઈએ. ભોજનમાં ખાસ કરીને લીલા શાકભાજી, સ્થાનિક ફળો, ફણગાવેલા કઠોળ, સુકો મેવો, જ્યુસ, દૂધ, દહીં, છાશ અને સ્વચ્છ પાણી લેવા જોઈએ. ભોજન નિયમિત રીતે યોગ્ય માત્રા લેવું જરુરી છે. બ્રેડ, પાઉં, ખમણ, ઢોકળા જેવી આથાવાળી વસ્તુઓ તેમજ બજારુ ખોરાક ફાસ્ટ ફૂડ, જંક ફૂડથી દુર રહેવું. તળેલા, તીખા, ચરબીવાળા, સાકરવાળા, અને ઠંડા પીણાઓ પણ હાનિકારક સાબિત થાય છે. સ્વાદિષ્ઠ અને પોષકતત્વો વગરના આવા ખોરાકની આદત શરીરને નુકશાન પહોંચાડે છે. વધુ માત્રામાં ચા અને કોફી પણ નુકશાનકર્તા છે.

કહેવાય છેઃ જેવો આહાર તેવાં વિચાર. ટૂંકમાં શરીરને પોષણયુક્ત પ્રમાણસર નિયમિત ભોજન મળે તેની કાળજી રાખવી. ભોજનમાં બેદરકાર રહેવાથી સ્વાસ્થ્ય બગડે, બગડેલા સ્વાસ્થ્યને કારણે અભ્યાસમાં એકાગ્રતા જળવાતી નથી.

૬. સ્વનો આદર કરો.

અભ્યાસમાં સારું કાર્ય કરીએ ત્યારે, સિદ્ધિ મેળવીએ ત્યારે, એવોર્ડ પ્રાપ્ત કરીએ ત્યારે લોકો આપણી કદર કરે એવું આપણે ઇચ્છીએ છીએ. આ એક પ્રકારની સમાજે લીધેલી નોંધ છે. લોકો

કદર કરે એ સારી વાત કહેવાય. પરતું તમે પોતે તમારી કદર કરો છો? તમારે મન તમારું મૂલ્ય કેટલું? સ્વાભિમાન, સ્વ-આદર સફળતા માટે આવશ્યક ઘટક છે. પોતાની પીઠ થાબડો. ગૌરવ અનુભવો. આનંદ માણો. મનગમતી પ્રવૃત્તિ કરો. કાર્ય કરવામાં અને કાર્ય પૂરું કરવામાં મળેલી સફળતાને વધાતા રહેવાની, જાતને બદલો Reward આપતા રહેવાની આદત પાડો. આમ કરવાથી તમારા ઉત્સાહ અને પ્રેરણા જળવાય રહેશે. અભ્યાસમાં એકાગ્રતા વધશે.

જયારે નિષ્ફળતા સ્વીકારી લેનારને, હાર માની લેનારને માર્ગમાં અડચણો અને અડચણો જ દેખાય છે ત્યારે સફળતા માટે કટ્ટીબદ્ધ માણસને અડચણો વચ્ચે પણ માર્ગ દેખાતો હોય છે.

૭. હંમેશા તૈયાર રહો.

અભ્યાસ માટે હંમેશા તૈયાર રહો. પુરા જોશથી, ઉત્સાહથી અભ્યાસ કાર્યનો પ્રારંભ કરો. અભ્યાસ દરમિયાન વારંવાર અટકો નહિ, ઉભા થાવ નહિ. પૂરી તૈયારી સાથે બેસો. ખાસ કરીને અભ્યાસ માટે જરૂરી બધ્ધી સાધન સામગ્રી લઇને બેસો. તેના માટે વચ્ચે વચ્ચે અટકવું પડે, ઉભા થવું પડે એ એક પ્રકારનો વિક્ષેપ છે. વિક્ષેપ એકાગ્રતામાં ભંગ પાડે છે. તમે અભ્યાસનું સાતત્ય ગુમાવો છો. બીજું પાણીની બોટલ, હળવો નાસ્તો પણ સાથે રાખો. ટૂંકમાં અભ્યાસ દરમિયાન નાના વિક્ષેપો અવરોધક ન બને તેની કાળજી લેવી.

૮. આસપાસના પર્યાવરણને તપાસો.

અભ્યાસના સ્થળની પરિસ્થિતિ તપાસો. ખલેલ, ઘોંઘાટની પરિસ્થિતિ ટાળો. અભ્યાસ માટે બેસો ત્યારે હળવા રહો. ચુસ્ત કપડા ન પહેરો. મેલા કપડા ન પહેરો. થોડા ઢીલા હળવા સ્વચ્છ કપડા પહેરો. પૂરતા હવા ઉજાશની ખાતરી કરો. એકાગ્રતા ન જળવાતી હોય તો અભ્યાસ શરુ કરતા પહેલા થોડીવાર માટે પંખાનો અવાજ, પક્ષીઓના અવાજ કે હળવા ગીત સંગીત પર ધ્યાન કેન્દ્રિત કરવાની આદત પાડો. આસપાસના પર્યાવરણની અડચણો કાયમી હોય તો અભ્યાસનું સ્થળ બદલો. અડચણો હંગામી હોય તો સમય બદલો. કાર્યનો પ્રવૃતિનો પ્રકાર બદલો. અણગમો કે ગુસ્સો કરવાથી કશું થશે નહિ. ઉલટાના તમે અજંપો અનુભવશો. જે બાબતો આપણા હાથમાં ન હોય, આપણા નિયંત્રણમાં ન હોય તેની ચિંતા કરવાથી કશું થશે નહિ. જે જે બાબતો આપણા હાથમાં હોય, આપણા નિયંત્રણમાં હોય તેને ધ્યાનમાં રાખી બદલાવ કરવામાં જ શાણપણ છે.

૯. 'શા માટે પત્રક' બનાવો.

કેટલીકવાર અભ્યાસ દરમિયાન મન આમતેમ ભટકતું હોય છે.પરિણામે એકાગ્રતા જળવાતી નથી.સમયનો બગાડ થાય છે, સમયનો વ્યય થાય છે. આમ ન થાય તે માટે શા માટે પત્રક Why Sheet બનાવો. તેમાં મારે અભ્યાસ શા માટે કરવો જોઈએ? મારા અભ્યાસ કરવાથી સિવાય કોને કોને લાભ થશે? આ પ્રશ્નોના ઉત્તરો નોંધો. તેની ભવિષ્યમાં થનાર અસરો નોંધો. જેમકે સારા માર્કસ મળશે, ઊંચા ટકા મળશે, મેરીટમાં આગળ આવીશ. ડોક્ટર, એન્જિનીયર, આર્કીટેક, મેનેજર, ચાર્ટર્ડ એકાઉટન્ટ, પ્રોફેસર, શિક્ષક, બીઝનેસ મેન થવાના સ્વપ્ના સાકાર થશે. જીવનના નક્કી કરેલાં ધ્યેયો સિદ્ધ થશે. પરિવારને ગૌરવ પ્રદાન થશે. પરિવારને આર્થિક રીતે મદદ રૂપ થઇ શકીશ. ગુણવત્તા યુક્ત જીવન ધોરણ પ્રસ્થાપિત થશે. સમાજ સેવા, રાષ્ટ્રીય સેવા કરી શકીશ. વગેરે.

આ પત્રકને તમારા સમય પત્રકની નીચે ચિપકાવી દો. અભ્યાસ શરુ કરતાં પહેલા સમય પત્રક સાથે શા માટે પત્રકની નોંધ વાંચો. જે તમને તમારા અભ્યાસમાં એકાગ્ર થવામાં પ્રેરણા પૂરી પાડશે. જયારે જયારે અભ્યાસમાંથી મન હટી જાય ત્યારે શા માટે પત્રક વાંચો.

૧૦. તાકીદના કામ પહેલા કરો.

અભ્યાસમાં પ્રારંભ કરતા સમય જતાં એકાગ્રતા ઘટતી જતી જોવા મળે છે. આથી તમારે એ નક્કી કરી લેવું પડે કે શું શું અગત્યનું છે? શું શું અઘરું છે, કઠીન છે? શું શું વધુ સમય લેશે? આ બધી બાબતો ધ્યાનમાં લઈ તેમનો વારો પહેલા લેવો જોઈએ. અભ્યાસની શરુઆતમાં એકાગ્રતા વધુ હોય છે. આવા કાર્યો સરળતાથી ઓછાં સમયમાં પુરા થાય છે. આથી મનમાં ઘણી જ રાહત થાય છે. કાર્ય કર્યાનો સંતોષ થશે. પછીથી કરવાનાં હળવા સરળ કાર્યોમાં પણ એકાગ્રતા જળવાતી જોવા મળશે.

૧૧. યોગ, ધ્યાન, કસરત કરો.

શરીરમાં રુધિરાભિસરણની ક્રિયાને કારણે શરીરના અંગોને ઓક્સિજન મળતા તેઓ સક્રિય રહે છે. મગજને જેમ ઓક્સિજન વધુ માત્રામાં મળે તેમ તે વધારે સજાગ - તેજ બને છે. જે સ્મૃતિ વધરવામાં, યાદદાસ્ત વધારવામાં ઉપયોગી બને છે. સવારે યોગ, ધ્યાન અને હળવી કસરત કરવાથી મનની એકાગ્રતા વધે છે. જો વધુ સમય ફાળવી શકાય તેમ ન હોય તો શાંતિથી બેસીને ઊંડા શ્વાસ લઈ થોડી વાર રોકી (મનમાં ૧,૨,૩,૪,૫ બોલી) મોઢા વડે બહાર કાઢો. આ ક્રિયા પાંચ દસ મિનિટ માટે કરો. શક્ય હોય તો સૂર્ય નમસ્કાર આસન કરતાં શીખો. બધા આસનોમાં તે ઉત્તમ આસન છે. તેનાથી શરીરના તમામ અંગોને સક્રિય થાય છે. પંદર વીસ મિનિટ માટે હળવી કસરતો કરો. સવાર સાંજ થોડું ચાલવાનું રાખો.

અને અંતે,

સવારે વહેલા ઉઠવાની આદત પાડો. ઉઠતાની સાથે ઈશ્વરનો આભાર માનો. જીવ માત્રના કલ્યાણની પ્રાથના કરો. અભ્યાસની શરુઆત કરતાં પહેલા શાંતિથી બેસો. મનને શાંત કરો. ઊંડો શ્વાસ લો. ઈશ્વરનું સ્મરણ કરી કાર્યનો પ્રારંભ કરો. જાત પર શ્રદ્ધા રાખો. આત્મવિશ્વાસ બનાવી રાખો. યાદ રાખજો, ઉત્તમ કાર્ય કરવા માટે સાચો સમય ક્યારેય હોતો નથી. ઉત્તમ કાર્ય કોઈ પણ સમયે શરુ કરી શકાય છે. એમ કરતાં તમને કોઈ જ રોકી શકે નહિ.

દલાઈલામા કહે છે તેમ, જયારે તમે બોલો છો કે વાત કરો છો, ત્યારે તમે જે કઇ જાણો છો તેનું જ પુનરાવર્તન કરો છો. પણ જયારે તમે સાંભળો છો ત્યારે કઇંક નવું શીખો છો. મનની એકાગ્રતા તમારી સાંભળવાની ક્ષમતા વધારે છે.

DIGITAL EDITION

પ્રાથમિક શિક્ષણમાં ગુણવતા વધારવા શું કરી શકાય ?

નટવર આહલપરા

જેમ મજબુત, ટકાઉ અને સુંદર મકાન બનાવવા ગુણવતાવાળા ઈંટ, ચુનો, સિમેન્ટ, રેતી, સળિયા, પથ્થર, લાકડું અને લોખંડ જોઈએ, ઉપરાંત કોન્ટ્રાક્ટર, બિલ્ડર, કડિયા, દાડિયા, વ. ગુણવાન હોય તો જ મકાનની સુંદરતા, મજબુતાઈ, ટકાઉપણું અને લાંબુ આયુષ્ય જળવાય છે. આ બધું જાળવવા મકાનનો પાયો મજબુત હોવો જોઈએ.

આંબા ઉપર કેરીઓ પાકેલી અને મીઠી ત્યારે જ આવે છે જયારે આંબાવાડિયાના ખેડૂતે આંબાઓને યોગ્ય માત્રામાં તડકો, છાંયો, પાણી, ખાતર વ.આપીને માવજત કરી હોય છે.

અહીં પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા વધારવા સરકાર, માતા-પિતા, વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય દ્વારા વિવિધ પ્રકારની માવજત જરૂરી છે.

(૧) સૌ પ્રથમ માતા-પિતા શું કરી શકે ?

પોતે ગુણવાન, સંસ્કારી ન હોય તો ગુણવાન અને સંસ્કારી બનવા પ્રયત્ન કરે, સાથોસાથ પોતાના સંતાનોને ગુણવાન, સંસ્કારી અને શિક્ષિત બનાવે.

ઓછામાં ઓછો એક કલાક આપે. સંતાનની માત્ર નોટબુક્સ જુએ, માથે હાથ ફેરવે. વાંસા ઉપર શાબાશી આપે. અભિનંદન આપે.

ભલે લગ્ન, સગાઈ, મરણ, બેસણાં-ઉઠમણાંમાં, રીસેપ્શન, પાર્ટી કે ફંકશનમાં જોઈએ પણ સંતાનની શાળાએ વાલી મિટિંગમાં જોઈએ. વર્ગ શિક્ષકને અને આચાર્યને મળીએ.

સંતાનોનાં વર્તણૂક,રીત-ભાત, હાવભાવ, શોખ, રુચિને તપાસવી જોઈએ.

સંતાનોની ભણવામાં એકાગ્રતા વધારવા માટે તેને ચિત્ર, કસરત, રમતગમત, સંગીત અને કળામાં રસ લેવડાવીએ.

સંતાનોનાં ઉજ્જ્વળ ભવિષ્ય માટે બચત કરીએ.

આપણા મોજશોખ અને વ્યસનનોને, આપણી ઈચ્છાઓને પોષીએ છીએ બાળકના પુસ્તકો વિનામૂલ્યે મેળવવા, ફીની સહાય લેવા દોડીએ છીએ તેના કરતાં આપણા મોજ-શોખ, બિનજરૂરી ખર્ચા ઘટાડીએ.

સંતાન મજૂરીએ ન શોભે પણ શાળાએ શોભે તેમ માતા-પિતાએ ધ્યાન રાખવું જોઈએ.

પિતાઓ જ્યાં-ત્યાં, પાનના ગલ્લે કે મિત્રો સાથે વધુ સમય પસાર કરે તેના કરતા સમયસર ઘરે પહોંચી સંતાનો સાથે ગાળે તો સંતાનો કેટલા રાજી થાય. પિતાની ભૂમિકા પણ માતા જેટલી જ મહત્વની છે.

સંતાનોની કાલી ઘેલી વાતો, તેમનાં વિચારો સાંભળવાથી માતા-પિતાને સંતાનોનાં માનસનો ખ્યાલ આવશે.

માતા-પિતાએ પોતાનાં સંતાનો પ્રેમ, હુંફ આપવા જોઈએ અને પ્રેરક, હકારાત્મક વાતો કરવી જોઈએ. તેની સાથે નાચવું, ગાવું જોઈએ, રમવું જોઈએ, પ્રાર્થના ગવડાવવી જોઈએ.

ખાસ તો માતા-પિતાએ, ‘મને ટાઇમ નથી’ એવો દંભ ન કરવો જોઈએ. પાછલું આયુષ્ય સુધારવું હોય તો માતા-પિતાએ પોતાના સંતાનો માટે રોજ એક કલાક તો ફાળવવો જ જોઈએ.

ચિત્રપોથી, રંગપેટી, રસપ્રદ પુસ્તકો, વાર્તાઓના પુસ્તકો જન્મદિને, પરિણામ સમયે આપવા જોઈએ. પિત્ઝા, ચોકલેટ, નિશાળ પાસે મળતાં વાસી ખોરાક કરતાં ઘરેથી જ ભલે સાદો પણ પોષ્ટિક નાસ્તો આપવો જોઈએ.

ગુણ, સંસ્કાર, રાષ્ટ્રપ્રેમ, ભ્રાતૃભાવ, સેવા-ભાવના, સુટેવો ઘરેથી

જ માતા-પિતા આપી શકે કારણ વધુમાં વધુ સમય સંતાનો ઘરમાં માતા-પિતા સાથે રહેતા હોય છે. શાળામાં જવાનું ગમે પણ શાળા છોડવાનું ન ગમે તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ.

(૨) શિક્ષકો ગુણવત્તા સુધારવા શું કરી શકે ?

ખુબ સારો પગાર મળે છે તેનો સંતોષ માની પોતાને મળેલું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક, પ્રમાણિકતાથી નિભાવવું જોઈએ, એટલે કે શિક્ષકધર્મ યોગ્ય રીતે બજાવવો જોઈએ.

નવું નવું સંશોધન, વર્ગમાં પોઝિટીવ ચર્ચા કરવી જોઈએ.

તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવવાની સાથે નબળા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું જોઈએ.

વર્ગમાં વિદ્યાર્થી સામે ગુઠકા, માવો, ફાકી કે પાન ન ખાવા જોઈએ, અને મોબાઈલનો ઉપયોગ પણ ન કરવો જોઈએ.

ફરજના ભાગરૂપે પોતાનો ધર્મ છે એમ માની ખંતથી, ધગશથી, કંટાળ્યા વિના વિદ્યાર્થીઓને ન્યાય મળી રહે તે રીતે પ્રશ્નપત્રો સમયસર ચકાસીને પરિણામ પણ સમયસર આપવું જોઈએ.

પ્રેમથી ભણાવીએ જેથી વર્ગમાં શિસ્તના પ્રશ્નો જ ન ઉદભવે.

વર્ગમાં બે-ત્રણ મિનિટ પ્રાર્થના ગવડાવો જેથી વિદ્યાર્થીનું મન,શાંત એકાગ્ર બનશે.

વર્ગમાં લાકડી લઇને જવાની જ જરૂર ન પડે તેવી છાપ ઊભી કરો. ગુસ્સામાં શું પરિણામ આવશે તેનો ખ્યાલ રહેતો નથી. ક્રોધ, ગુસ્સો શિક્ષક જ કરે પછી વિદ્યાર્થીનું શું કહેવું ?

વિદ્યાર્થીઓને ડોબો, મૂર્ખા, બામ, નાલાયક જેવા શબ્દોથી નવાજવાને બદલે સારી ભાષામાં મીઠાશથી બોલાવો.

વર્ગમાં સમયસર પહોંચવું જોઈએ અને પિરિયડ પુરેપુરો લેવો જોઈએ. વર્ગમાંથી વહેલા ન નીકળવું જોઈએ.

વર્ગમાં વિષયને અનુરૂપ જ વાત કરવી જોઈએ. હા, આચરણ, મૂલ્ય, સંસ્કાર, ગુણની પ્રોત્સાહક ચર્ચા કરવી. આડી અવળી, બિનજરૂરી વાતો ન કરવી જોઈએ.

પ્રાથમિક ધોરણના બાળકો નાના, કુમળા છોડ છે. શિસ્ત, સંસ્કાર અને ભણતરના પાઠ ભણાવવા જોઈએ.

ગામડાના વિદ્યાર્થીઓને ભણવામાંથી રસ ઉઠતો જાય છે તેનું કારણ શોધવું જોઈએ.

શિક્ષક માથામાં તેલ નાખી વાળ વ્યવસ્થિત હોળવા જોઈએ. વસ્ત્રો તેના વ્યક્તિત્વને અનુરૂપ પહેરવા જોઈએ. આળસ ન મરડવી જોઈએ.

શિક્ષકે વિદ્યાર્થીની એકાગ્રતા વધારવા ચિત્ર, સંગીત, કસરત, ઈતર વિષય પણ સરસ રીતે શીખવવા જરૂરી છે.

શિક્ષકોનો અવાજ કર્ણપ્રિય હોવો જોઈએ. તેનું વર્તન મિતભાષી હોવું અનિવાર્ય છે.

શિક્ષકોએ બોલવામાં ભાષાની ભૂલો ન કરવી જોઈએ.

વર્ગમાં વિદ્યાર્થી સામે ઊભા રહીને, તેમની વચ્ચે જઈને પણ ભણાવી શકાય.

વર્ગમાં શિક્ષકે પોતાનું પુસ્તક, ડસ્ટર, ચાક સાથે લઈ જવા જોઈએ.

(૩) આચાર્ય શ્રી ગુણવત્તા માટે શું કરી શકે ?

શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓની દર મહિને મિટિંગ કરી એક મેકના વિચારો જણવા જોઈએ.

શિક્ષકોની વધુ સજ્જતા માટે શાળામાં તાલીમ રાખવી જોઈએ. જુદા જુદા વિષયના વક્તાઓને બોલાવવા જોઈએ.

જેમ શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ અપાય છે તેમ દરેક શાળાએ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને એવોર્ડ આપવા જોઈએ.

શાળાના ઉત્સવોમાં, સમારોહમાં આવનારા મહેમાનો ભૂલે ચૂકે પણ કુમળા બાળકોની સામે આંતકવાદ, ભ્રષ્ટાચાર, બળાત્કાર, વ્યભિચાર જેવા નકારાત્મક વિષયોની વાત ન કરે પરંતુ સકારાત્મક વિષયોની વાત ન કરે પરંતુ સકારાત્મક વાત કરે તેવી સૂચના આચાર્ય વક્તાને, મહેમાનને આપી દેવી જોઈએ.

શાળામાં વૃક્ષારોપણ, રમતગમત, ચિત્ર, સંગીત, સાહિત્ય, વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, ક્રાફ્ટસ વ. ની પ્રવૃતિઓ કરવાથી છાત્રોનું ઘડતર વધુ સારું થશે.

પુસ્તક પ્રદર્શન, વાર્તા કથન, કાવ્યગાન પણ કરવા જોઈએ. બ્લેક બોર્ડ રોજ નવા નવા વિચારો છાત્રો પાસે લખાવવા જોઈએ.

ઉત્તમ, ઉમદા, ખુબજ લોકપ્રિય, કર્ણપ્રિય હૃદય સ્પર્શી પ્રાથનાઓ ગવડાવવા થી વિદ્યાથીની અભ્યાસમાં રૂચી વધશે.

લાયબ્રેરી, પાણીની ઓરડી, શાળાનું મેદાન, વર્ગખંડો, ઓફિસ, પ્રોયોગશાળા સ્વચ્છ રાખવા જોઈએ.

આચાર્યે સારું વાંચન, સારા વિચારો અભિયાન શાળામાં ચલાવી વિદ્યાર્થીઓને અસરકારક ઉપયોગી વાજબી કિંમતે નાની પુસ્તિકાઓ આપતા રહેવી જોઈએ.

કવિ સુંદરમની પંક્તિઓ પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા વધારવા માર્ગદર્શક છે.

કોઈક તો કરવું પડશેને ભાઈ,
કાંઈક તો કરવું પડશેને ભાઈ,
આ કેવી છે તામસ હરીફાઈ ?

બાલક, પાલક, ચાલક અને સંચાલક સૌ આજે જ, અત્યારેજ, આક્ષણે ગુણવત્તા વધારવા માટે ચિંતન કરીએ અને અમલ પણ કરીએ પછી જોઈએ ઉજ્જ્વળ આવતી કાલને !

DIGITAL EDITION

ઓનલાઈન શિક્ષણ દ્વારા બાળકનું ઘડતર ?

ડો. પ્રશાંત અંબાસણા

પ્રવર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ પર આવેલી આફત કોરોના (COVID-19)એ માનવીનાં જીવન જીવવા પ્રત્યેના દષ્ટિકોણમાં પરિવર્તન કરવાનું અનિવાર્ય બનાવ્યુ છે. જેમાં બાળકોથી માંડીને અબાલ વૃદ્ધો સુધીનાં તમામ વયજૂથના લોકો પોતાની રોજિંદી દિનચર્યામાં અનુકુલન સાધતાં જોવા મળે છે. સૌ પોતપોતાની કક્ષા પ્રમાણે કાર્યપ્રણાલી કરે છે. જેમાં સૌથી વધુ પ્રભાવિત જો કોઈ ક્ષેત્ર હોય તો તે શિક્ષણનું છે. વર્તમાન સમયમાં શિક્ષણની પ્રક્રિયામાં વાલીઓની અપેક્ષાઓ પ્રમાણે ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપવાની પ્રથાનો પ્રારંભ થતો જોવા મળ્યો છે. જેના દ્વારા બાળક ટેકનોલોજીનાં માધ્યમથી વિષયને અનુરૂપ સંકલ્પનાઓ, ખ્યાલો બાળક ઝડપથી સમજી શકે.

ઓનલાઈન શિક્ષણથી માહિતીનાં આદાનપ્રદાન કરવાની પ્રક્રિયા ઉત્તમ રીતે થઇ શકે એ બાબત નિર્વિવાદ છે. પરંતુ એમાંથી બાળઘડતરની પ્રક્રિયા થશે અથવા તો થાય છે ? એ દિશામાં પણ ચિંતન કરવું જરૂરી બની જાય છે. ઓનલાઈન શિક્ષણમાં પાયાના કૌશલ્યો (શ્રવણ, વાચન, લેખન, અને ગણન) ખીલવવાની તક સંપૂર્ણપણે મળતી નથી. વળી મોટેભાગે બાળક આ પ્રકારની શિક્ષણ પ્રણાલીથી અવગત ન હોવાને લીધે તેને સ્વીકારવામાં પણ અસમંજસ અનુભવે છે. માત્રને માત્ર એક ક્રિયાકાંડ થતો હોય તેવું જોવા મળે છે. બાળઘડતરની જવાબદારીમાં આપણે ક્યાંક બાળકો સાથે અન્યાય તો નથી કરતાં ને ? એ પર વિચારવું પડે. ટેકનોલોજીનાં માધ્યમથી ઓનલાઈન શિક્ષણ કદાચ Higher Educationમાં વધુ ઉપયોગી બને પરંતુ શાળા કક્ષાએ એક Reference Material તરીકે તેને રજૂ કરવામાં આવે તો તે વધુ આશીર્વાદરૂપ બને.

મોટાભાગની શાળાઓમાં નિર્ધારિત સમયે વિવિધ Mobile Applicationનાં માધ્યમથી બાળકોને Online કરવામાં આવે છે. રજૂઆતનું માધ્યમમાં વિડીઓ ક્લિપ અને તેને આનુસંગિક વિષયવસ્તુની પ્રકરણ સ્વરૂપે રજૂઆત કરવામાં આવે છે. Exercise Online અને Offline આપવામાં આવે છે, અંતે Home Work સ્વરૂપે માહિતીનું દ્રઢીકરણ કરાવવામાં આવે છે. સમય જતા ઓનલાઈન કસોટી આપવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં શિક્ષણનું પાયાનું તત્વ કે જે બાળકોની સર્જનાત્મકતા, વિચાર રજૂ કરવાની તક, તેમજ તેને આનુષંગીક બાબતો

તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે. આ પ્રકારની ઓનલાઈન શિક્ષણ પદ્ધતિથી બાળકમાં માહિતીનું Transmission થાય છે પરંતુ માહિતી જ્ઞાનમાં પરિવર્તિત થતી નથી.

ઓનલાઈન શિક્ષણમાં માહિતી રજૂ કરનાર એટલે કે શિક્ષક પણ પોતાની રજૂઆત ઓફલાઇનમાં જે રીતે કરે તે રીતે કરી શકતા નથી. સ્ક્રીન પર માત્ર માહિતીની રજૂઆત થાય છે. પરંતુ તેની અસરકારકતાનું માપન કરવામાં મુશ્કેલી પડે છે. આમ જોવા જઈએ તો ઓનલાઈન શિક્ષણથી બાળકનાં ઘડતર કલ્પના જ થઈ શકે વાસ્તવિકતા કાંઈક અલગ છે. સમાજમાં રહેતા તમામ લોકો પાસે ઓનલાઈન શિક્ષણ માટે અનિવાર્ય એવી ઈન્ટરનેટની સુવિધા પણ ઉપલબ્ધ હોતી નથી. ત્યારે ઓનલાઈનનાં વિકલ્પ તરીકે જીવન ઘડતરમાં ઉપયોગી એવું મૂલ્ય શિક્ષણ તેમજ પુસ્તકોનું વાંચન, જીવનચરિત્ર તેને અનુરૂપ વિડીઓનું નિદર્શન પણ સાચા અર્થમાં ખૂબ ઉપયોગી નીવડી શકે. પ્રત્યેક બાળકનું એક અલગ વ્યક્તિત્વ હોય છે તેની પોતાની પણ એક દુનિયા છે તેનાં પોતાના વિચારો છે અને તેને માર્ગદર્શિત કરવાનું કાર્ય મારા, તમારા અને આપણા સહુના હાથમાં છે, ત્યારે તેમાં આપણી ભૂમિકા એક Facilitator તરીકેની હોય તે ઇચ્છનીય છે. બાકી ઓનલાઈન કે ઓફલાઇન શિક્ષણથી વંચિત બાળક પણ પોતાના જીવન દરમિયાન જીવનજરૂરી વસ્તુઓની માહિતી કોઇપણ સ્રોત દ્વારા શીખી જ લે છે એટલે બાળક પોતાની વયકક્ષા પ્રમાણે પોતાની આસપાસનાં પર્યાવરણમાં, સફળ વ્યક્તિઓનાં સંવાદો - વાર્તાલાપોમાંથી, ટેલીવિઝન, અખબારો, સામયિકો, તેમજ સંદર્ભ સાહિત્યમાંથી હંમેશા શીખતો જ હોય છે ઓનલાઈન થવું જરૂરી નથી. તેને યોગ્ય પ્લેટફોર્મ આપવામાં આપનું યોગદાન મળે તો સોનામાં સુગંધ ભળે જેવું કામ થાય. ઓનલાઈન શિક્ષણની વિચારધારાનાં પ્રભાવથી દુર જવાનો કોઈ હેતુ નથી પરંતુ બાળકને ભવિષ્યમાં પણ જો આ જ માધ્યમથી શિક્ષણ આપવામાં આવે તો તે બાળકને પૂર્ણ રીતે પ્રજ્જ્વલિત થવામાં ક્યાંક ઓનલાઈન શિક્ષણની સાથોસાથ ઓફલાઇન (બાળક સાથે વાર્તાલાપ) થવાનું ભુલાય નહિ તે જોવું. માટે બાળક સાથે બાળક બનીને બાળપણનાં દિવસોની યાદ કરવાનું મહત્વ કદાચ ઓનલાઈન શિક્ષણ દ્વારા બાળકનાં ઘડતર જેટલું જ અગત્યનું સાબિત થઇ શકે તેમ છે. તો ચાલો ઓનલાઈન થવું છે ને ?....

- ડો. પ્રશાંત અંબાસણા, લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ

મંતવ્ય

વિશ્વકર્મા યુવક મંડળનું સંગઠન સમગ્ર ગુજરાતમાં ફેલાયેલું છે, આપણા સમાજની ઘણી સરસ મેગેઝીનો પણ ચાલે છે, આપણા સમાજના ઘણા હોદ્દેદારો સેવાભાવી સ્વભાવ ધરાવે છે, આ સિવાય સમાજના સૌ સેવાભાવી યુવાનોને એક નાની વિનંતી કરૂ છું, કે જેમ સ્પર્ધાત્મક પરીક્ષા માટે, જેમ દરેક તાલુકા મથકે કલાસ ચલાવો છો ! એવી જ રીતે પાસપોર્ટ કઢાવવા, વિદેશમાં વસવાટ કરવાના માર્ગદર્શન, કયા કયા દેશમા વિદ્યાર્થી ભણવા જઈ કારકિર્દી બનાવી શકે ? કયા દેશમા રોજગારની તકો સારી છે ? આ સમયમાં ધો ૧૦ અને ધો ૧૨ નું પરિણામ આવેલું છે , તો કયા અભ્યાસ ક્રમમાં જોડાવુ ? આપણા દેશમા નવી રોજગારની તકો વિષે અને સમાજની એકતા, સમાજ ની સંસ્કૃતિ અને સંસ્કાર જળવાય અને રાષ્ટ્રપ્રેમ વધે તેવી ગામે ગામ, દરરોજ સાંજે સ્થાનિક શિક્ષિત યુવાનો, સમાજ સેવકો અને નોકરી, ધંધો કરતા મિત્રોને સાથે રાખી ઝુંબેશ ચલાવવા વિનંતી કરૂ છું , જેમ સ્પર્ધાત્મક પરિક્ષાની ઝુંબેશ એક દશકામાં, સમાજમાં પરિણામ લાવી શકશે, તેમ આવનાર ભવિષ્યમાં સમાજને દુનિયાના નકશામાં કડવા પટેલ, લેઉવા પટેલ સમાજની જેમ, વિશ્વકર્મા પરિવારને પણ એક ગૌરવશાળી સમાજના નકશામાં સ્થાન અપાવશે, મારી આ વિનંતી ગમે તો ગામે ગામ સમાજના યુવાનો સ્થાનિક લેવલે ઝુંબેશ ચલાવો એવી વિનંતી.

વિરલ ગજ્જર (વડેચા)
ધેનુ એવીએશન

સમસ્ત વિશ્વકર્મા સમાજ મેરેજ બ્યુરો

ગુર્જર, સુથાર, મેવાડા, વૈશ્ય, લુહાર સુથાર, પંચાલ, પંચોલી ગુજરાતી સુથાર, યુવક-યુવતી, વિધવા-છુટાછેડા, કુંવારા ભણેલા-ઓછુ ભણેલા બાયોડેટા આવકાર્ય

આપની સંપૂર્ણ વિગત તથા ફોટોગ્રાફ મોકલી જીવનસાથીની પસંદગી મેળવો.

: આપની સંપૂર્ણ વિગત માટે ફોન કરો :
હસમુખ વડગામા - ૯૮૨૪૧ ૮૨૯૦૧
વિશાખા ગજ્જર - ૯૮૭૯૮ ૮૨૯૦૧

જી-૨, શ્રીજી એપાર્ટમેન્ટ, નેશનલ હેન્ડલુમ પાસે, લૉ ગાર્ડન, એલસીબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૯.

Alka Gajjar
+91 99045 72073

Balaji Creation

Spe. School :
Uniform, Bags,
Shoes Marchant

All Type
Hand Tools &
Spanner Set
Supplier

BPCL
Uniform
Merchant

Bharat
Petroleum

"Aakansha", Office No. 323, 3rd Floor,
Opp. Hero Honda Show-Room, Gondal Road,
Rajkot - 1. E-mail : balajicreations9@yahoo.com

DIGITAL EDITION

સમય આવ્યો છે એકલવ્ય બનવાનો...!!!

પ્રો. (ડો.) ભાવિક પંચાસરા

છેલ્લા ઘણા સમયથી સમગ્ર વિશ્વ Covid ૧૯ની ગંભીરકટોકટીમાંથી પસાર થઇ રહ્યું છે, અને ઓછેવત્તે અંશે દરેક દેશો તેનો ભોગ બન્યા છે. આ મહામારીની ઘણીબધી ગંભીર અસરો પડી છે. આર્થિક રીતે તો અર્થતંત્ર પાયમાલ થયું જ છે, પરંતુ અન્ય ઘણાં ક્ષેત્રો પર તેની વિપરીત અસરો પડી છે. અને વર્તમાન સ્થિતિ ધ્યાને લેતા આ અસરો લાંબો સમય ચાલશે તે નિશ્ચિત છે. જો શિક્ષણ ક્ષેત્રની વાત કરવામાં આવે તો તેના પર આ મહામારીની અસરો દેખીતી રીતે પ્રતિકુળ પડી છે. કારણકે છેલ્લા બે મહિના જેટલા સમયથી સ્કૂલો, કોલેજો અને ટ્યુશન ક્લાસ બંધ છે. પરીક્ષાઓ રદ્દ થઇ છે અને હજુ શિક્ષણ કાર્ય ક્યારે ચાલુ કરવું તે મુદ્દે UGC, AICTE અને શિક્ષણ વિભાગ વચ્ચે અસમંજસતા પ્રવર્તી રહી છે.

પરંતુ જયારે એક રસ્તો બંધ થાય ત્યારે બીજા રસ્તા ખુલી જતા હોય છે, તે અનુસાર આ સમયે અભ્યાસ ચાલુ રાખવા માટે નો અન્ય રસ્તો છે ઓનલાઈન શિક્ષણ. આમ તો ઓનલાઈન શિક્ષણનો ટ્રેન્ડ છેલ્લા ઘણા વર્ષોથી અમલમાં છે, પરંતુ તે તરફ લોકોનો ઝુકાવ ઓછો હતો. કારણકે સૌ વર્ષોથી ચાલી આવતી ક્લાસરૂમ શિક્ષણ પધ્ધતિથી જ ટેવાયેલા હતા. પરંતુ પેલી કહેવત છેને, કે "Necessity is the mother of invention', તેની જેમ અન્ય કોઈ ઉપાય રહેતા શિક્ષણ જગત અંતે આ તરફ વળ્યું છે. ઘણી બધી સ્કૂલ/ કોલેજોએ લાઇવ વિડીયો ક્લાસના પ્રયોગ ચાલુ પણ કરી દીધા છે. તેઓ પોતાના વિદ્યાર્થીઓને ઘેર બેઠા ચોક્કસ સમયે લાઇવ વિડીઓ ક્લાસ દ્વારા અભ્યાસ કરાવી રહ્યા છે. જોકે દરેક સ્કુલ કે કોલેજો માટે આ શક્ય નથી. પરિણામે એવું પણ જોવા મળે છે કે ઘણા પેરેન્ટ્સ પોતાના બાળકોના અભ્યાસ માટે ચિંતિત છે.

પરંતુ ‘જહાં ચાહ, વહાં રાહ’ એ ઉક્તિ મુજબ જે લોકોને અભ્યાસ કરવો જ છે, તેમને આવી કોઈ સમસ્યાઓ નડતી નથી. હાલ ફ્રિ ઓનલાઈન અભ્યાસ માટે અનેક યુટ્યુબ ચેનલ્સ તથા વેબસાઈટ કાર્યરત છે. લાઇવ વિડીયો અને ઓનલાઈન અભ્યાસ વચ્ચે તફાવત છે. લાઇવ વિડીયોમાં શિક્ષક અને વિદ્યાર્થી ચોક્કસ સમયે સામસામે બેસીને ક્લાસરૂમની જેમ જ અભ્યાસ કરે છે. બન્ને પક્ષે

Communication થઇ શકે છે. જયારે ઓનલાઈન વિડીઓમાં વિડીઓ પહેલેથી રેકોર્ડેડ હોય છે. યુટ્યુબ કે તેના જેવા અન્ય માધ્યમોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓ પોતાને ગમતા કોર્ષ અથવા વિષયો પસંદ કરીને પોતાના સમયે અને અનુકુળતાએ ઘેર બેઠા અભ્યાસ કરી શકે છે.

પરંતુ એક સિક્કાની જેમ બે બાજુ હોય, તેમ ઓનલાઈન કોર્ષના ફાયદાઓની સાથે થોડી મર્યાદાઓ પણ છે. મુખ્ય મર્યાદા અહી One Way Communication ની છે. એટલે કે વિદ્યાર્થીને કોઈ પ્રશ્ન હોય તો તે ક્લાસરૂમની જેમકે લાઇવ વિડીયોની જેમ હાથ ઉંચો કરીને પૂછી શકતો નથી. પરંતુ હા, તે ધારે તેટલી વખત એક વિડીઓ જોઈ શકે છે. અને સૌથી મોટો ફાયદો છે કે તે સૌને પરવડે છે. કારણકે હાલ ઘરોઘર સ્માર્ટ મોબાઈલ અને ઈન્ટરનેટ તો છે જ, અને આજની પેઢીના બાળકોને તેનો ઉપયોગ પણ સારી રીતે આવડે છે! થોડી મર્યાદાઓ છતા હાલમાં ઓનલાઈન શિક્ષણ એ જ સલામત અને સલાહભર્યો રસ્તો છે. શિક્ષણ તજજ્ઞો તો એવું માને છે, કે Covid 19 મહામારી પછી ઓનલાઈન શિક્ષણનો વ્યાપ ખુબ વધવાનો છે, કારણકે હવે વધારે ને વધારે લોકો Work from home ની જેમ Study from homeનો હાથવગો, સસ્તો અને સલામત રસ્તો અપનાવશે, આથી આ રીતે પણ વિદ્યાર્થીઓએ આવનારા સમય માટે તૈયાર રહેવું પડશે. ટૂંકમાં કહીએ તો સમય અત્યારે અર્જુન નહિ, પણ એકલવ્ય બનીને અભ્યાસ કરવાનો છે. .!! પણ અભ્યાસ અટકવા દેવાનો નથી. Happy Learning!!!

યુટ્યુબ ચેનલ
Prof Bhavik Panchasara

પ્રોફેસર
ભાવિક પંચાસરા
Prof Bhavik Panchasara

મહામારીના આ સમયમાં વિદ્યાર્થીઓ ઘેર બેઠા અભ્યાસ કરી શકે તે હેતુથી પ્રો.(ડો.) ભાવિક પંચાસરાએ એક યુટ્યુબ ચેનલ Prof Bhavik Panchasara શરૂ કરી છે. આ ચેનલમાં તેઓ એકાઉન્ટન્સી વિષયના બેઝીક લેવલથી શરુ કરીને માસ્ટર લેવલ સુધીના અભ્યાસક્રમના વિડીઓ લેક્ચર્સ અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમમાં સંપૂર્ણ માર્ગદર્શન સાથે મૂકી રહ્યા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તે માટે વિવિધ ક્ષેત્રે સફળતા મેળવેલ વ્યક્તિઓના ઈન્ટરવ્યું અને અન્ય જાણવા યોગ્ય માહિતીના વિડીઓ પણ છે.

Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, કલાસીફાઇડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

વર્ચ્યુઅલ ક્લાસ બની રહી છે હવેની શિક્ષણ વ્યવસ્થા

ડો. વિષ્ણુ પ્રજાપતિ

કોરોના અને લોકડાઉન શબ્દો સાંભળી સાંભળીને હવે ત્રાસી ગયા છીએ. આ એક એવી મહામારી છે કે જેને માનવ જિંદગીને સાવ બદલી નાખી છે. માણસ અને તેની ઉભી કરેલી બધી જ સિસ્ટમ એકાએક ધરાશયી બની ગઇ અને આવી પડેલી આફત સામે લડવું કે ટકવું તેની મથામણમાં આમતેમ હવાતીયાં મારી રહ્યો છે. મહામારી ક્યારેય કાયમી નથી એ સનાતન સત્ય છે. ભૂતકાળમાં આનાથી'યે વધુ વિકરાળ અને ખૂબ જ સિમિત જ્ઞાનના સમયે પણ માનવોએ જીત મેળવી છે તો આ કપરો સમય પણ ચાલ્યો જવાનો જ છે તે નક્કી છે, પણ જતાં જતાં કોવિડ – ૧૯ કેટલુંયે શીખવીને જશે તે નક્કી છે.

થેંક્યુ ઝિંદગી

મહામારીએ આપણી જીવન પધ્ધતિ તો બદલી જ નાંખી છે સાથે સાથે માણસે ઉભી કરેલી વ્યવસાયિક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક કે પારંપરિક બધી જ વ્યવસ્થાને મોટી ચેલેન્જ આપી છે. માર્ચ મહિનામાં જ કોરોનાના અણસાર આવી ગયા હતા. 'માર્ચ એન્ડિંગ' થાય એટલે હિસાબ કિતાબની બધી ખતવણી થાય. જુના નાણાકીય વર્ષના હિસાબો પૂર્ણ કરી નવા વર્ષના નાણાકીય આયોજનો થવા લાગે છે. જો કે આ માર્ચનો અંત ભાગ કુદરતે સાવ અલગ રીતે જ વિચારી રાખ્યો હોય તેમ બધુ વેરવિખેર કરી નાખ્યું. નાણાકીય હિસાબોને બાજુએ રાખીને જીવનના હિસાબ કિતાબ શરૂ થઇ ગયા. વિકસીત અને વિકાસશીલ દેશોની બધી જ વ્યવસ્થાઓ એકાએક સાવ જમીન પર આવી ગઇ. 'જાન હૈ તો જહાન હૈ' મુજબ બધુ ભૂલીને જીવ બચાવવા અને મહામારીને રોકવા સૌ મચી પડ્યા. જો કે કોઇ કારગર ઇલાજ હાથ ન લાગતા લોકડાઉનની નવી જ વ્યવસ્થાનો જન્મ થયો.

માર્ચના અંતમાં જ આવેલ આ પ્રકારના અણધાર્યા લોકડાઉનથી શિક્ષણજગત પર મોટી અસર થઇ. માર્ચની પરીક્ષાઓથી લઇ, ટકાવારીની પરોજણ તો સાવ ભૂલાઇ જ ગઇ. ફક્ત બોર્ડ અને યુનિવર્સીટીની પરીક્ષાઓ સિવાયના તમામ વિદ્યાર્થીઓ વગર પરીક્ષાએ પોતાનું વર્ષ પૂર્ણ કરી દીધું. પરીક્ષાઓ બંધ થતા અનેક વિદ્યાર્થીઓના મનમાં તો ઉજાણી અને ઉત્સાહનો માહોલ ફૂટી ગયો હતો.

બે મહિના લોકડાઉન થયેલી સૌની જિંદગી ભલે ઉભી રહી પણ સમય ક્યારેય કોઇના માટે ઉભો રહ્યો નથી અને રહેવાનો પણ નથી. સમય સાથે પરિવર્તિત થવું તે સનાતન સત્ય ફરી લોકોને સારી રીતે સમજાઇ ગયું. બદલાતી સ્થિતિ સામે લડીને, ઝઝુમીને કે વશ થઇને જીવનનો નવો આકાર આપવો જ પડતો હોય છે. આ મહામારી કુત્રિમ છે કે કુદરતી તે હજી કોઇ નક્કી નથી કરી શક્યું. જો કુત્રિમ છે તો ભવિષ્યમાં માનવજીવન પર અનેક આફતો આવતી રહેવાની તે નક્કી છે અને જો કુદરતી છે તો કુદરત કોઇ મોટો ફેરફાર ચાહી રહી છે.

હાલની સ્થિતિમાંથી બહાર આવતા સમય તો લાગવાનો છે તે નક્કી જ છે. સૌએ પોતપોતાની રીતે સલામતી અને સાવચેતી રાખવી જ પડશે કારણ કે માનવજીવનને વાયરસમુક્ત કરવું એ સાવ સહેલું નથી. માનવજીવનની સાથે હવે શૈક્ષણિક ધરખમ ફેરફારો કરવાની નોબત આવી ગઇ છે. સંપૂર્ણ સુરક્ષિત માનવજીવનની વ્યવસ્થા ન ગોઠવાય ત્યાં સુધી શિક્ષણ સાવ બંધ રહે તો અનેક મુશ્કેલીઓ સર્જાય તે પણ નક્કી છે, એટલે

વર્ચ્યુઅલ ક્લાસનો નવો કન્સેપ્ટ શરૂ થયો. જો કે હાયર એજ્યુકેશન અને કેટલીયે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કે નવી નવી શૈક્ષણિક મોબાઇલ એપ દ્વારા તો તે ઘણા સમયથી ચાલી રહ્યો હતો. તેમાં જોડાનાર વિદ્યાર્થીઓ ખૂબ સિમિત હતા. હવે દરેકે આ શિક્ષણ પધ્ધતિને સ્વીકારી આગળ વધવું પડશે.

વર્ચ્યુઅલ શબ્દ જ આપણને કાયમ ભ્રામક અને છેતરામણો લાગ્યો છે કારણ કે આપણે વાસ્તવિક જિંદગી પર વધુ કેંદ્રિત થઇને જીવ્યા છીએ. નેટવર્કીંગ અને સોશિયલ મિડિયાએ ભ્રામક દુનિયાને ખૂબ મોટી કરી દીધી છે અને વાસ્તવિક જિંદગી ખૂબ જ સંકુચિત થઇ ગઇ છે. જો કે હાલની સ્થિતિમાં આ વર્ચ્યુઆલીટી પણ એક વરદાન બનીને સૌને મદદ કરી રહી છે. સોશિયલ ડિસટન્સના સમયે વર્ચ્યુઅલ ક્લાસ જીવનનો એક ભાગ બની ગયો છે.

શિક્ષણમાં વર્ચ્યુઅલ ક્લાસનો અભિગમ ફાયદાકારક રહ્યો છે. આપણાં દેશમાં વધતી ઇન્ટરનેટ સ્પીડ, હાઇટેક મોબાઇલની સગવડ અને નવી પેઢીએ બદલેલા પોતાના સ્વરૂપના ત્રિવેણી સંગમથી ધરખમ ફેરફારો આવી ગયા છે. અનેક ઘરોમાં સાવ નાનું બાળક સોશિયલ મિડિયા પરથી કંઇને કંઇ શીખતું થઇ ગયું છે. 'ગુરુ વિના જ્ઞાન નહી...!' આ ઉક્તિને હવે 'ગુગલ વિના જ્ઞાન નહી...!' જેવી સ્થિતમાં મુકી દીધું છે.



હાલના સંજોગોમાં ઓનલાઇન શિક્ષણ પધ્ધતિ જ એકમાત્ર ઉપાય રહ્યો છે ત્યારે તેને સ્વીકારવો જ રહ્યો. મોબાઇલ કે લેપટોપની ટચુકડી સ્ક્રિન પર જ્ઞાન પીરસીને કે મેળવીને સમયનો સદુપયોગ કરી લેવામાં સૌની ભલાઇ છે. સરકાર અને દરેક શૈક્ષણિક સંસ્થાઓ પણ હવે આ ઓનલાઇન શિક્ષણ વ્યવસ્થા પર ખૂબ જ ધ્યાન આપી રહી છે ત્યારે આપણે પણ આપણાં બાળકને તે વર્ચ્યુઅલ ક્લાસનો હિસ્સો બનાવી વહેતા સમયની સાથે જોડી દેવો પડશે.

વર્ચ્યુઅલ ક્લાસના ફાયદાઓ :

૧. વર્ક ફ્રોમ હોમ : હાલની સ્થિતિ પ્રમાણે ઘરે રહો સુરક્ષિત રહો તે અત્યંત જરૂરી છે. વર્ક ફ્રોમ હોમ સૌ અપનાવી રહ્યા છે તો વિદ્યાર્થીઓ પણ વર્ચ્યુઅલ ક્લાસથી તેને અપનાવી શકે છે. સુરક્ષા સાથે શિક્ષણ ફક્ત આ વર્ચ્યુઅલ ક્લાસથી જ શક્ય બની શકે છે.

૨. સમયની બચત : સમયસર ક્લાસમાં જોડાવવું અને સ્કૂલમાં આવવા જવા કે વચ્ચેની રીશેષના સમયની બચત થાય છે. વિદ્યાર્થી ઘરમાં પરિવાર સાથે પણ વધુ સમય ફાળવી શકે છે.

૩. નવી ટેકનોલોજીનું જ્ઞાન : સમય સાથે ટેકનોલોજી પણ ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે તો વિદ્યાર્થીને ઓછા સમયમાં નવી ટેકનોલોજી સાથે ઝડપથી જ્ઞાન મળે છે. નિરર્થક ગેમ્સ કે ટીવી કરતા ઓનલાઇન ક્લાસ બાળકને વધુ જ્ઞાન આપે છે.

૪. શિક્ષણ સાથે સંલગ્નતા : અત્યારે ફક્ત આ વર્ચ્યુઅલ ક્લાસ સિસ્ટમ જ છે જે વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જોડી રાખશે. લોકડાઉનના ફરજિયાત મળેલાં વેકેશનનો સમય નિરર્થક વેડફાઇ જાય તે કરતાં બાળકનું મન શિક્ષણ સાથે જોડાયેલું રહે તે માટે ઓનલાઇન વર્ગો મદદરૂપ બને છે.

૫. વિસ્તરતી સીમાઓ : વર્ચ્યુઅલ ક્લાસની કોઇ મર્યાદા નથી હોતી. તેમાં વિશ્વના કોઇપણ ખૂણે છુપાયેલા જ્ઞાનને લઇ શકાય છે અથવા પીરસી શકાય છે. બાળક ક્લાસરૂમના બંધિયાર વાતાવરણ કરતા ઘરના મુક્ત વાતાવરણમાં ભણી શકે છે.

વર્ચ્યુઅલ ક્લાસની ત્રુટીઓ :

વર્ચ્યુઅલ ક્લાસના ફાયદાઓ સામે ઘણી ત્રુટીઓ પણ છે, જેમકે,

૧. નેટવર્ક અને સ્માર્ટફોન : વર્ચ્યુઅલ ક્લાસ માટે આ બન્નેની સૌથી પહેલા જરૂર પડે છે. અંતરીયાળ વિસ્તાર અને આર્થિક નબળા પરિવારના બાળકો આ પ્રકારના શિક્ષણથી વંચીત રહી જાય છે.

૨. મોબાઇલનું વ્યસન : મોબાઇલ કે નેટવર્કની દુનિયા દલદલ જેવી છે. જેમ તમે પગ મુકતા જાવ તેમ તેમ તમારો પગ અંદર વધુ ખુંચતો જ જાય. વર્ચ્યુઅલ ક્લાસ બાળકને મોબાઇલનો વધુ પડતો ઘેલો બનાવી દે તો બાળકને તકલીફો પડે છે. બાળક થોડો સમય વર્ચ્યુઅલ ક્લાસને આપે અને પછી વાલી સામે ગેમ્સ રમવાની ડીમાન્ડ કરે એ ઘર ઘરની સમસ્યા છે.

૩. ઓછી અસરકારકતા : વર્ગખંડમાં જ ધ્યાન ન આપતા વિદ્યાર્થીઓ વર્ચ્યુઅલ ક્લાસમાં કેટલું શિક્ષણ લેશે તેનો ક્યાસ કાઢવો અઘરો છે. હોમવર્ક, શિક્ષક કે પરીક્ષાના ડર વિના ભણતો વિદ્યાર્થી બેપરવાહ બની જતો હોય છે.

૫. પુનરાવર્તનનો અભાવ : વર્ગખંડમાં પુરતો સમય હોવાથી પુનરાવર્તન કે મૌખિક પરીક્ષાઓ અવારનવાર થતી રહે છે જે વર્ચ્યુઅલ ક્લાસમાં શક્ય નથી. વિદ્યાર્થીઓએ સ્વયં જ પુનરાવર્તન કરી લેવું પડતું હોય છે.

૬. નિરસતા : સામ સામે વિદ્યાર્થી કે શિક્ષક ન હોવાથી જે માનસિક લગાવ કે અસર થવી જોઇએ તે થતી ન હોવાથી નિરસતાનું વાતાવરણ બનતું હોય છે. ક્લાસની જેમ એક્ટિવીટી કરાવવી શકય ન હોવાથી વર્ચ્યુઅલ ક્લાસ મોનોટોનસ બની જતા હોય છે.

વિકસતી નવી ટેકનોલોજી માનવ જીવનમાં ક્યારેક વરદાન તો ક્યારેક અભિશાપ બની આપણી સમક્ષ પ્રગટ થતી જ રહેવાની છે. આપણે સમય પ્રમાણે તેનો કેવો અને કેટલો ઉપયોગ કરી શકીએ તે આપણાં હાથની વાત છે. હાલની વિકટ પરિસ્થિતિ સામે સુરક્ષિત રહીને સમય સાથે ચાલવામાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી લેવો તે સમયની માંગ છે.

ડૉ. વિષ્ણુ પ્રજાપતિ, કડી (મો નં - ૯૮૨૫૮૭૪૮૧૦)
drvishnu2005yahoo.com

વાંચનથી વિચાર

હસમુખ બોરાણિયા

આપણા પીઢ બાળસાહિત્યકાર શ્રી યશવન્ત મહેતાએ વાસણા અમદાવાદની 'ગ્રંથમંદિર'ના ગોઠડી કાર્યક્રમમાં વાત કરી કે, છકો-મકો, મિયા-ફુસકીનું સ્થાન હવે સ્પાઇડરમેને લીધું છે. મને યાદ છે કે અમે પેપરમાં ગાંઠિયા ખાધા પછી જે-તે પેપરની હેડલાઇન વાંચી જતા. ભલે એ ખાવાનું પડીકું હોય, પણ તેમાં શું લખેલું છે તે વાંચવાની ઇંતજારી રહેતી.

આજે ૧૦૦માંથી ૯૧ બાળકો આવા પેપરથી દુર છે. કેમ કે તેમના હાથમાં મોબાઇલ આવી ગયા છે. તેમને સુપરમેન અને બીજી ગેમ્સ રમવામાં જ રસ છે. એટલે વાંચન છૂટી ગયું. ગુજરાતી ભાષાથી વિમુખ થઇ ગયા છે. મોબાઇલની આભાસી દુનિયાથી પોતાના બાળકોને જેટલા દુર રાખશો તેટલું તેમના માટે ફાયદાકારક છે. દિવ્ય ભાસ્કરના પત્રકાર સાથે વાત કરતા શ્રી યશવન્ત મહેતાએ આ વાત કરી હતી.



અહીં વાંચનનું મહત્વ સમજાય છે. વાંચન માટે જાગૃત બનવું પડશે. બાળકો, વાલીઓ, વાંચન કરતા થાય તે માટેના પ્રયત્નો કરવા પડશે. વાંચનનો પ્રચાર-પ્રસાર થાય તે માટે મેં નાનકડો પ્રયાસ કર્યો હતો.

મારા માતુશ્રી સ્વ. પ્રભાબેન નાગજીભાઇ બોરાણિયા ઘર પુસ્તકાલય ૨૦૦૭માં શરૂ કર્યું. જેમને પુસ્તક વાંચવું હોય તે કશા ચાર્જ વગર, આવીને પુસ્તક લઇ જાય અને પોતાની જાતે જ પુસ્તક ઇશ્યુ રજીસ્ટરમાં નોંધ કરે. સોસાયટી વિસ્તારમાં લોકોએ આ પુસ્તકોનો બહોળા પ્રમાણમાં લાભ લીધો.

અહીં આ તકે રવીન્દ્ર અંધારિયાના લાલ ફુગ્ગો પુસ્તકમાં નોંધેલી વાત ટાંકવાનું મન રોકી શકતો નથી. હું ફાટેલો કોટ પહેરીશ પણ નવું પુસ્તક જરૂર ખરીદીશ. જર્મનીના મહાન ફિલોસફર ધોરોએ આ વાકય કહેલું. આ વાકય જીવનમાં પુસ્તકનો શો મહિમા છે તે દર્શાવે છે. જયારે આજના યુગમાં પરિસ્થિતિ તદ્દન પ્રતિકુળ છે. ત્યારે જો નવી પેઢીમાં પુસ્તકપ્રેમ વિકસાવવો હશે, જ્ઞાનનું મુલ્ય સમજાવવું હશે તો બાળકોને બાળપણથી જ પુસ્તકોનો પરિચય કરાવો. બાળમાનસની ક્ષિતિજો વિકસાવી, બાળમાનસને કલ્પના કરતું કરો. આમ તેને સર્જનાત્મક બનાવો. દેશ અને દુનિયાનું ભવિષ્ય ઉજ્જવળ કરો. આમ રવીન્દ્ર અંધારીયા નોંધે છે.

અહીં એક સ્વાનુભાવ પ્રસંગ ટાંકવાનું મન થાય છે. મને પ્રાથમિક, માધ્યમિક શાળાજીવનથી જ વાંચનનો શોખ. ગામની અને શાળાની લાઇબ્રેરીમાં નિયમિત જાઉં. વાંચન કરું. તે વાંચીને હંમેશા વિચારતો કે, હું પણ આવું કંઇક લખું તો ?

માધ્યમિક શાળામાં હતો ત્યારે શાળામાં નિબંધસ્પર્ધા યોજાઇ. હંમેશા બનતું આવે છે કે મોટા ભાગના વિદ્યાર્થીઓ ચીલાચાલુ રીતે નિબંધ લખે. મેં મારા વાંચનના આધારે કંઇક અલગ અંદાજમાં નિબંધ લખ્યો. પરિણામ આવ્યું - મારો નિબંધ સર્વશ્રેષ્ઠ હતો, પ્રથમ ક્રમાંકે હતો.

પછી પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયો. ઉપલા ધોરણોમાં નિબંધ લેખન કરાવતો, માર્ગદર્શન આપીને નવીન રીતે નિબંધ લેખન કરવા પ્રેરતો. ત્યારે યોજાતા ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શિક્ષકો માટે નિબંધસ્પર્ધા પણ યોજાતી. હું એમાં ભાગ લેતો અને મારા વાંચન વ્યાપના લીધે, વિશેષ રજુઆતના લીધે મને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થતો.

બાળકોને વાંચન કરતા પ્રેરવા માટે, ચાલો સંકલ્પ લઇએ અને પ્રયત્ન કરીએ જેથી બાળકો વાંચતા થાય.

Resultનું રીઝલ્ટ

Er. મિતાલી જે. ભાડેશિયા

સહુપ્રથમ હૂ આપ બધા ને congratulation વિશ કરવા માગુ છુ. આ બોર્ડ પરીક્ષા માટે તમે બધાએ ખૂબ મહેનત કરી હતી. જીવનમાં મોટી સફળતા માટે જીવનને ક્યારેય સખત મહેનત અને સ્માર્ટ વર્કનો વિકલ્પ મળ્યો નથી અને મળશે પણ નહી.

જ્યારે તમે નાના હતા, ત્યારે લોકોએ કદાચ પૂછ્યું હતું કે, ‘‘જ્યારે તમે મોટા થશો ત્યારે તમે શું બનવા માંગો છો?’’ કદાચ તમે doctor અથવા astronaut કહ્યું. કદાચ તમે કોઈ અભિનેતા, અથવા વકીલ અથવા પોલીસ અધિકારી કહ્યું હોય. તારાઓની આંખોથી, તમે તે દિવસનું સપનું જોયું છે કે તમે હવેલીમાં રહેશો અને બધા વૈભવ ભોગવશો. તમે તમારી રૂચિ નક્કી કરી તે સંભવત બદલાઈ ગઈ હોય. પરંતુ તમારા માટે યોગ્ય કારકિર્દી શોધવી મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ અશક્ય નથી, તેથી સકારાત્મક રહો!

આજે તમે કેવી રીતે તમારા Dream Career સુધી પહોંચી શકો છો તે વિશે સમજાવવા જઈ રહી છું. દરેક વખતે આપણે જે પરિણામની અપેક્ષા કરીએ છીએ, શું તે દરેક વખતે વાસ્તવિક બને છે? ના,વાસ્તવિકતા એ છે કે, જે પરિણામ આવ્યું તે આપણે સ્વીકારવું પડશે. હવે, પ્રશ્ન એ છે કે શું કરવું? ખરાબ પરિણામ ને લઇને ચિંતા કરવી કે આવેલા પરિણામ સાથે આગળ વાધવુ. જીવન આશ્ચર્યથી ભરેલું છે. તમે કદી જાણતા નથી કે કયો નિર્ણય તમને ક્યાં દોરી જશે. પણ હા, જો તમે કોઈ દબાણ હેઠળ નિર્ણય લેશો, તો તમે ચોક્કસ નિરાશ થશો પણ જો તમે સમજશક્તિથી નિર્ણય લેશો તો ચોક્કસ સફળતા મળશે.

તે માટે તમારે થોડી વસ્તુ ધ્યાનમાં રાખવાની જરૂર છે. જે આપણે અહીં જાણીશું .

૧. બધી પ્રકારની નેગેટીએવીટી ને દૂર કરો.:

નેગેટીએવીટી ને દૂર કરવા ઘણી વસ્તુઓ તમે જોઇ હશે અથવા તમે ક્યાંક વાંચી હશે. પરંતુ હું તમને એક વાત કહીશ કે જે કંઇ પણ થયું તે આપણે બદલી શકતા નથી પરંતુ જે જોઈએ છે, તે વિશે આપણે યોજના તો ચોક્કસ બનાવી

શકીએ. There is nothing impossible to him who will try. - Alexander the Great, જો તમે જિંદગી ટૂંકાવી નાખશો કે પછી તમે કોઈ એવું પગલું ભરશો જે તમને હજુ પાછળ ધકેલે તો તમે ક્યારેય success ન મેળવી શકો. એના કરતા એવું વિચારો કે હવે શુ કરવાનું છે, મારી પાસે કેટલા વિકલ્પ છે અને હું શુ સારું કરી શકું એમ છું.

૨. પોતાને સમય આપો:

તમારી જાત ને સમય આપવાનો મતલબ થાય છે કે તમે થોડું મેડિટેશન કરો અને શાંત મન થી વિચારો કે તમારે તમારી જિંદગી પાસે થી શુ જોઈએ છે એ નક્કી કરો કારણકે જે તમે નક્કી કરશો તેજ તમારી સાથે આખી જિંદગી રહેશે. જો આ સ્ટેપ માં તમારે વધુ સમય લાગે તો વાંધો નથી પણ જો ઉતાવળ માં ખોટો નિર્ણય કરશો તો પછી આજ પ્રોફેસન સાથે તમારે કેરીયર પસાર કરવું પડશે જેમાં તમને કોઈ ગ્રોથ નાઈ મળે. અને તમે ક્યારેય એવું નાઈ ઈચ્છો.

૩. વિકલ્પો એકઠા કરો:

તમને એવો પ્રશ્ન થાય કે ઓપસન ફાઈન્ડ કરવો એટલે શુ ?. તો હું તમને કઈ દાવ કે એ સ્ટેપ માં તમારે એનાલિસિસ કરવાનું છે. જેમાં તમે તમારા આવેલા પરસનટેજ ને સામે રાખો અને એક બાજુ તમારૂં "dream career ". હવે સર્ચ કરો કે આ ડેસ્ટીની સુધી પહોંચવા કેટલા રસ્તા છે. જે માંથી તમે કેટલા ને રેલેટ કરો છો આ જોવો.હું તમને એક એકઝામ્પલ આપું તો જો કોઈ ને "Data analysts" થવું છે તો એને IT Engineering કરવું પડે પરંતુ જો તમારી પાસે એમાં એડમિશન લેવા પૂરતા પરસનટેજ નથી તો તમે B.Sc. (physics) કરો તો પણ તમારૂં ડ્રીમ તમે મેળવી શકો છો.

૪. અપસાઈડ અને ડાઉનસાઈડ:

તે કારકિર્દીના અપસાઇડ અને ડાઉનસાઇડને ધ્યાનમાં લો. જયારે તમને કોઈ કેરીઅર ખુબ સારું લાગતું હોય અને તમે નિર્ણય કરી લીધો હોય કે આજ કરવું છે ત્યારે તમારે સંશોધન કરવામાં ધ્યાન રાખવું. તે કારકિર્દી માર્ગમાં જીવન કેવું લાગે છે તેનાથી સારી રીતે પરિચિત થાઓ. જો તમારે એક્સપર્ટ નિર્ણય લેવા માંગતા હોય તો તમારે તે નોકરીઓનો ડાઉનસાઇડ શું છે તે જાણવાની જરુર રહેશે.

તમારા નિર્ણય ને પૂરતો ન્યાય આપવા તમે એજ પ્રકાર ની જોબ કરતી વ્યક્તિ ના અર્ટિકલ વાંચી શકો અથવા આવા વ્યક્તી ને શોધી ને તમને પર્સનલી પૂછી શકો. તમને જે પ્રકારની નોકરીમાં જે કામ કરે છે તેમા તેઓ શું પસંદ કરે છે અને શું નાપસંદ કરે છે. દાખલા તરીકે, જો તમને જોઈતી કોઈ ખાસ નોકરી માટે તમારે ઘણી વાર મુસાફરી કરવાની જરૂર પડે છે પરંતુ તમારા ઘરે નાના બાળકો છે, તો આ એક નુકસાન હોઈ શકે છે.

૫. યોગ્ય પ્લાંનિંગ કરવું

તમારે પ્લાંનિંગમા કાળજી લેવી પડશે, કારણ કે હવે તમારી પાસે ઓછા વિકલ્પ હશે તમારો ધ્યેય પ્રાપ્ત કરવા માટે. યોગ્ય પ્લાંનિંગ કરવું એ સવથી મહત્વની વાત છે. જો પ્લાનિંગ નાઈ હોય તો આખી જિંદગી પછતાવો થશે. શુ પરિણામ આવ્યું એ જરૂરી નથી પરંતુ તમે કેવી રીતે આગળ વાંધો છો એ જરૂરી છે. Someone is sitting in the shade today because someone planted a tree a long time ago.-Warren Buffett.

દોસ્તો હું આવી આશા રાખું છું કે તમને મારી વાત સમજાઈ હશે છતાં તમને કોઈ કન્ફ્યૂજન હોય તો વધુ જાણકારી માટે તમે મને mail કરી શકો છો mjbcareerguidancegmail.com

Er. Mitali J Bhadeshiya
(Career Consultant and Education trainer)

વિશ્વકર્મા વિશ્વ

શૈક્ષણિક વિશેષાંક

HSC સાયન્સના તેજસ્વી વિદ્યાર્થીઓના સમાચાર આ શૈક્ષણિક વિશેષાંકમાં સમાવી લેવાયા છે. બાકી રહ્યા હોય તેવા વિદ્યાર્થીઓ તથા SSC અને HSC કે અન્ય પરિણામો આવતા શૈક્ષણિક વિશેષાંકમાં સમાવાશે.

SSC કે HSC માં ૯૫ કે તેથી વધુ PR મેળવનાર વિદ્યાર્થીઓ તંત્રીશ્રી પ્રવીણ ગજ્જરનો 90999 49565 પર સંપર્ક કરવો.

સારા માર્કસ પ્રાપ્ત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓ પાસપોર્ટ ફોટો, માર્કશીટ 94262 29565 પર વોટસએપ કરી તંત્રીશ્રીને વોટસએપ કર્યાની જાણ 90999 49565 પર કરે.

સુથારી કામ કરતા મિતેશભાઇનો પુત્ર બ્રીજ સુરેલિયા બનશે ડોકટર

રાજકોટના ગોંડલ રોડ પર આવેલ પુનિતનગરમાં રહેતા અને સુથારીકામ કરતા મિતેશભાઇ અને કોઠારીયામાં આવેલ પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ઉષાબેન સુરેલિયાના પુત્ર બ્રીજે એચએસસીમાં ૯૯.૯૪ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યુ છે.

બ્રીજે એસએસસીમાં પણ ૯૯.૬૨ પીઆર મેળવ્યા હતા. એચએસસીમાં તેનાથી પણ વધુ માર્કસ મેળવ્યા છે. બ્રીજે એસએસસીમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કર્યા ત્યારે વિશ્વકર્મા વિશ્વ સાથેની મુલાકાતમાં તબિબિ ક્ષેત્રે આગળ વધવાનો દ્દઢ સંકલ્પ વ્યકત કર્યો હતો. એચએસસીમાં ઉચ્ચ ગુણ મેળવી તેમણે પોતાના ડોકટર બનવાના દ્દઢ સંકલ્પ સાકાર કરવાના દરવાજા ખોલી નાખ્યા છે.

બ્રીજ ધર્મમાં ખુબ જ આસ્થા ધરાવે છે. સોખડાવાળા હરિપ્રસાદ સ્વામીના તેઓ સત્સંગી છે. ઉભાષેન સુરેલિયા વિશ્વકર્મા વિશ્વને કહે છે, સંતોના આશીર્વાદથી બ્રીજે આ સિદ્ધિ મેળવી છે.

બ્રીજ આત્મીય કોલેજમાં હંમેશા ટોપર જ રહયો છે અને એચએસસીમાં પર ટોપ પર રહયો છે. પશુ-પંખી પાળવાનો અને તેમના વિશે જાણવાનો શોખ ધરાવતા બ્રીજે વિવિધ સ્પર્ધાઓમાં અનેક મેડલ અને શીલ્ડ મેળવેલ છે. સુથારીકામ કરતા મિસ્ત્રીનો પુત્ર ડોકટર ડોકટર બનીને સમાજમાં નામ રોશન કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા...

જેતપુરની પ્રિયા સોનીગ્રા સાયન્ટીસ્ટ બનશે

જેતપુરમાં બીએસએનએલમાં ફરજ બજાવતા હેમેન્દ્રભાઇ પ્રભુદાસભાઇ સોનીગ્રાઅને જીગીશાબેન સોનીગ્રાની પુત્રી પ્રિયાએ એચએસસીમાં ૯૯.૮૭ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યુ છે. પ્રિયાએ એસએસસીમાં પણ ૯૯.૮૭ પીઆર મેળવ્યા હતા. ૨૦૧૮માં તેમણે વિશ્વકર્મા વિશ્વ સાથે વાતચીત કરતા મેડીકલ લાઇનમાં જઇને સાયન્ટીસ્ટ બનવાનો દ્દઢ સંકલ્પ વ્યકત કર્યો હતો. પ્રિયા આ સંકલ્પ સિદ્ધ કરવા તરફ આગળ વધી રહી છે. નીટની પરીક્ષા પાસ કરી મેડીકલમાં જશે. અને ત્યારબાદ સાયન્ટીસ્ટ બનવા આગળ વધશે.

પ્રિયાને ફોટોગ્રાફીનો ભારે શોખ છે અને વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી વધુ પસંદ કરે છે. હેન્ડીક્રાફટનો પણ પ્રિયા શોખ ધરાવે છે.પ્રિયા સોનીગ્રા સાયન્ટીસ્ટ બને તેવી વિશ્વકર્મા વિશ્વ પરીવાર તરફથી શુભેચ્છા...

મિસ્ત્રી કામ કરતા અમિતભાઇનો પુત્ર હર્ષ ડોકટર બનશે



જામનગરના ગોકુલનગરમાં રહેતા અને ફર્નીચરનો વ્યવસાય કરતા અમૃતલાલ વશરામભાઇ બોરાણીયા અને બીનાબેનના પુત્ર હર્ષએ એચએસસીમાં ૯૯.૯૪ પીઆર મેળવીને સમાજમાં નામ રોશન કર્યું છે. તેમણે ગુજરાતમાં દ્દુ સ્થાન પણ મેળવ્યું છે. હર્ષે એસએસસીમાં પણ ૯૯.૯૪ મેળવ્યા હતા અને એચએસસીમાં પણ તેટલા જ એટલે કે ૯૯.૯૪ પીઆર મેળવ્યા છે એસએસસીમાં ઉચ્ચ ગુણ મેળવ્યા ત્યારે વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં હર્ષે કહયું હતું કે, મારે ડોકટર બનવું છે. બે વર્ષપહેલા કહેલી વાત સાચી પુરવાર થાય તે માટે એચએસસીમાં પણ સારી મહેનત કરી અને ૯૯.૯૪ પીઆર મેળવ્યા છે.

હર્ષને ક્રિકેટનો ભારે શોખ છે. મહાપુરૂષોની આત્મકથા વાંચવાનો પણ શોખ છે. ફર્નીચરનું કામ કરતા અને પાંચ જ ધોરણ સુધીનો અભ્યાસ કરનાર અમૃતભાઇનો પુત્ર ડોકટર બને અને સમાજમાં નામ રોશન કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા...

બરોડાની દીશા બનશે ડોકટર

બરોડાના શૈલેષભાઇ રતિભાઇ કુનાવડીયા અને જયોતીબેનની પુત્રી દીશાએ એચએસસીમાં ૯૫.૯૩ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યું છે.

બરોડામાં વાસણા ભાવડી રોડ પર એવરેસ્ટ હાઇટસમાં રહેતા શૈલેષભાઇ અને જયોતિબેન ઇલેકટ્રોનિક ઇજનેર છે. શૈલેષભાઇ બરોડાના મકરપુરા જીઆઇડીમાં જે.એસ. એન્જિનિયરીંગ નામથી કમ્પ્યુટર નેટવર્કીંગનું કામ કરે છે.

દીશાને ડોકટર થવું છે એટલે મેડીકલમાં પ્રવેશ મેળવતા પહેલા નીટની પરીક્ષાની તૈયારી કરી રહી છે. દીશા કહે છે, હું ડોકટર બનીને સમાજ સેવા કરવા માંગું છું.

દીશાને મ્યુઝીકનો શોખ છે. હાર્મોનીયમ સરસ વગાડે છે. ખાસ કરીને તેને કંટાળો આવે ત્યારે મ્યુઝીકનો સહારો લે છે. તેમને સંગીત સાંભળવું વધુ ગમે છે. સંગીત ઉપરાંત દીશાને ડ્રોઇંગનો પણ શોખ છે. અને સ્કુલકાળમાં ડ્રોઇંગની અનેક સ્પર્ધાઓમાં ઇનામો મેળવી ચુકી છે.

શૈલેષભાઇનો પુત્ર શુભમ પણ માતા-પિતાના પગલે ઇજનેર બનવાનો છે. હાલ તે વલ્લભવિદ્યાનગર મેકાટ્રોનિકસમાં રજા વર્ષમાં અભ્યાસ કરી રહયો છે.

હર્ષ જોલાપરા ઇજનેર બનશે

ગૌરવ પેટર્ન વર્કસના નામે પેટર્નના વ્યવસાયની સાથોસાથ ઇન્સ્યુરન્સનું પણ કામકાજ ધરાવતા હસમુખભાઇ હરજીભાઇ જોલાપરા અને શ્રીમતિ રેખાબેન જોલાપરાના પુત્ર હર્ષએ ૨૦૧૮માં એસએસસીમાં ૯૯.૨૫ પીઆર મેળવ્યા હતા. ત્યારે તેમણે એન્જિનિયર બનવાની અને એચએસસીમાં પણ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરવાનો દ્દઢ વિશ્વાસ વિશ્વકર્મા વિશ્વની મુલાકાત દરમ્યાન કર્યો હતો. તેમણે એચએસસીમાં ૯૫.૮૨ પીઆર મેળવી અને ૨૦૧૮માં કરેલ દ્દઢ સંકલ્પ સાકાર કરી બતાવ્યો છે. ગુજકેટની પરીક્ષાની તૈયાર કરી રહયો છે અને આમાં પણ સારા માર્કસ મેળવી એન્જિનિયરીંગ કોલેજમાં એડમીશન લેવાની તૈયારી કરી રહયો છે.

સ્વાઘ્યાય પરિવારના બાલ સંસ્કાર કેન્દ્રમાં સંસ્કાર મેળવી ચુકેલ હર્ષને કમ્પ્યુટરનો ભારે શોખ છે. કમ્પ્યુટરના અલગ અલગ સોફટવેર જાણવામાં રસ દાખવે છે. તેમણે જાતે જ રીમોટ કંટ્રોલવાળી મોટર બનાવી હતી. હર્ષના માતુશ્રી રેખાબેન મૈત્રેયી સાડી સેન્ટરના નામ ઘેરથી જ ડ્રેસ તેમજ ડ્રેસ મટીરીયલ્સના વેચાણનું કામ કરાવે છે.

માણાવદરની નીલીમાને આઇટીમાં ઉચ્ચ અભ્યાસ કરવો છે

માણાવદરમાં સિનેમા હોલ પાસે શુભમ એલ્યુમિનિયમ સંકલનના નામથી એલ્યુમિનિયમ સેકસનનું કામકાજ કરતા અશ્વિનભાઇ વૃજલાલ ઉમરાડીયા અને મનિષાબેનની પુત્રી નીલીમાએ એચએસસીમાં ૯૭.૨૩ પીઆર મેળવી માણાવદરનું ગૌરવ વધાર્યું છે.

નીલીમાએ ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ માણાવદર કર્યા બાદ મારું શિક્ષણ પ્રાપ્ત કરવા બે વર્ષ તેમના માતુશ્રી સાથે રાજકોટ વસવાટ કર્યો હતો અને સ્કુલ ઓફ સાયન્સમાં એડમીશન લીધુ હતું. એસએસસીમાં નીલીમાએ ૯૯.૫૨ પીઆર મેળવીને માણાવદર તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને સમગ્ર જુનાગઢ જીલ્લામાં પોતાનું નામ રોશન કર્યું હતું.

નીલીમા વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં નીટ પરીક્ષા સારા માર્કસ પાસ કરીને એન્જિનિયરીંગ કરવું છે. ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં આગળનો અભ્યાસ કરવો છે. નીલીમાને ડ્રોઇંગનો પણ શોખ છે. હાઇસ્કુલના અભ્યાસ દરમ્યાન તેમણે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ ઇનામો પણ મેળવ્યા હતા.

અશ્વિનભાઇના પુત્ર ગૌરવે પણ મોરબીની લખધીરસિંહજી કોલેજમાં અભ્યાસ કરીને સોફટવેર એન્જિનિયર બન્યો છે અને હાલ તે સોફટવેરનું કામ કરી રહયો છે.

નીલીમાએ ઉચ્ચગુણ મેળવી તેજસ્વીતા પ્રાપ્ત કરી તેનું વિશ્વકર્મા વિશ્વને વિશેષ ગૌરવ એટલા માટે છે કે અશ્વિનભાઇ વિશ્વકર્મા વિશ્વના વર્ષોથી પ્રતિનિધિ છે. નીલીમા શિક્ષણના ઉચ્ચ શીખર પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર વતી શુભેચ્છા...

અમદાવાદનો જીલ સુથાર તબિબિ ક્ષેત્રે આગળ વધશે

મુળ હિંમતનગરના પણ હાલ અમદાવાદમાં બજાજ ફાયનાન્સમાં સિનિયર એકઝીકયુટીવ તરીકે ફરજ બજાવતા સંદીપકુમાર સુથાર અને જયશ્રીબેનના પુત્ર જીલે એચએસસીમાં ૯૭.૨૫ પીઆર મેળવી મેવાડા સમાજમાં નામ રોશન કર્યુ છે. જીલે એસએસસીમાં પણ ૯૯ પીઆર મેળવ્યા હતા. અને તબિબિ ક્ષેત્રમાં જવાના દ્રઢ નિર્ણયની સાથે આગળના અભ્યાસ શરૂ કર્યો હતો. અને એચએસસીમાં ૯૭.૨૫ પીઆર મેળવી તબિબિ ક્ષેત્રમાં જવાનો માર્ગ મોકળો કર્યો છે.

ક્રિકેટનો શોખ ધરાવતો જીલ મેડીકલ ક્ષેત્રે આગળ વધે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા...

મુંબઇના ડો. પ્રતિક વીસાવડીયાએ બા.ઠા. ટ્રોમા કેર હોસ્પિટલ જોઇન કરી



મુંબઇમાં વસવાટ કરતા અને સેવાભાવી સમાજ અગ્રણી ડો. અશોકભાઇ જાદવજીભાઇ વીસાવડીયાના પુત્ર ડો. પ્રતિક વીસાવડીયા પણ પિતાજીના પગલે સમાજ સેવાનો સ્વભાવ છે. અત્યારે કોરોનાની મહામારી દેશભરમાં ચાલી રહી છે ને કેટલાક ડોકટરો કોરોનાથી પીડિત દર્દીઓની સેવા કરવાથી અળગા રહે છે અને કેટલાકે તો હોસ્પિટલમાંથી રાજીનામા પણ આપ્યા છે. આવી પરિસ્થિતિમાં ડો. અશોકભાઇના પુત્ર ડો. પ્રતિક વીસાવડીયાએ મુંબઇ સ્થિત જોગેશ્વર ઇસ્ટની બાળાસાહેબ ઠાકરે ટ્રોમા કેર હોસ્પિટલમાં જોઇન થઇને પોતાની સેવા આપવા લાગ્યા છે.

અખંડ વિશ્વ કા કલ્યાણ હો તેવી ઉમદા ભાવના કેળવવાની સાથોસાથ કોરોનાની મહામારીમાં દર્દીઓની સેવા કરવી તેને જ પોતાનો ધર્મ માનતા ઉમદા સેવાભાવી-વિચારશીલ યુવાન ડોકટર એવા પ્રતિક વીસાવડીયાની આ ભાવનાને બિરદાવી અભિનંદન આપી રહયા છે.

સિદ્ધાર્થ વડગામાને કુશળ ઇજનેર બનવું છે

ડાઇએકટનાં યુનિટમાં કામ કરતા જીતેશભાઇ અને હેમાલીબેન વડગામાના પુત્ર સિદ્ધાર્થે એચએસસીમાં ૯૯.૩૧ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે.

સિદ્ધાર્થે એસએસસીમાં ૯૯.૩૯ પીઆર મેળવ્યા હતા અને ૨૦૧૮માં તેમણે વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં એન્જિનિયર બનવાની દ્રઢ ઇચ્છા વ્યકત કરી હતી. હવે એચએસસીમાં ૯૯.૩૧ પીઆર મળતા તેમની આ ઇચ્છા સાકાર થશે.

સિદ્ધાર્થ આરએસએસ સાથે સંકડાયેલ છે. અને રાજકોટમાં આરએસએસમાં તેમનું મુખ્ય શિક્ષક તરીકેનું સ્થાન છે. ક્રિકેટનો શોખ ધરાવતો સિદ્ધાર્થ કહે છે. નીટની પરીક્ષામાં સારા માર્કસ લઇ પાસ કરીને કોલેજમાં દાખલ થઇ અને કુશળ ઇજનેર બનીશ. શ્રદ્ધાપુરી સોસાયટીમાં રહેતા સિદ્ધાર્થના માતુશ્રી હેમાલીબેન એમ.કોમ. સુધી ભણેલા છે.

દર્શીત વડગામા ઇજનેર બનશે

રાજકોટના વિજય પ્લોટ ૨૨માં કિર્તન એન્જિનિયરીંગ વર્કસના નામથી હાઇડ્રોલીક મશીન બનાવતા નીરવભાઇ વડગામા અને સંગીતાબેનના પુત્ર દર્શીતે એચએસસીમાં સાયન્સમાં ૯૬.૭૦ પીઆર મેળવી નામ રોશન કર્યું છે. દર્શીત હવે કમ્પ્યુટર અથવા એરોનોટીકલ ઇજનેર બનવા માંગે છે.

ધોળકીયા સ્કુલમાં અભ્યાસ કરતા દર્શીતે એસએસસીમાં બોર્ડમાં પાંચમું સ્થાન મેળવ્યું હતું.

ગીતાનગરમાં રહેતા દર્શીતને અભ્યાસ ઉપરાંત સ્પોર્ટસની એકટીવીટીમાં રસ-રૂચી ધરાવે છે. ફુટબોલ સ્વીમીંગનો શોખ ધરાવે છે. દર્શીત કુશળ ઇજનેર બને તેવી શુભેચ્છા.

પંચોલી સેવા સમાજ દ્વારા

સમગ્ર વિશ્વકર્મા પરિવાર માટે આર્થિક સુરક્ષા કવચ યોજના

શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ ગુજરાતની સ્થાપના ૧૩-૩-૧૯ના રોજ કરવામાં આવી છે. પંચોલી સમાજ દેશના મુંબઇ, સુરત, અમદાવાદ સહિતના શહેરોમાં ચાલે છે. અમદાવાદના શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા છેલ્લા એક વર્ષથી આર્થિક સુરક્ષા કવચ નામની યોજના ચાલે છે. જેમાં ૧૮ થી ૭૦ વય સુધીના ભાઇ-બહેનો સભાસદ થઇ શકે છે. સભાસદ થનાર પૈકીના કોઇપણ સભાસદનું મૃત્યુ થાય ત્યારે બાકીના સભ્યોએ વ્યીકત દીઠ રૂા. ૧૦૦ ટ્રસ્ટમાં જમા કરાવવાના હોય છે. આ રકમના ૮૦ ટકા રકમ અવસાન પામેલ વ્યકિતના વારસદારને આપવામાં આવે છે. એક વર્ષમાં ૯૦ સભાસદ નોંધાઇ ચુકયા છે. ટ્રસ્ટના નિભાવ ખર્ચ માટે કોઇ સભ્ય પાસેથી કોઇ રકમ લેવામાં આવતી નથી. જયાં સુધી કોઇ સભ્યનું અવસાન ન થાય ત્યાં સુધી સભ્ય પાસેથી કોઇ રકમ લેવામાં આવતી નથી. સભાસદ થવા માટે ઉંમર પ્રમાણે અલગ અલગ સભાસદ ફી નકકી કરવામાં આવી છે.

ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પ્રકાશભાઇ ગજ્જરે વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહયું કે, આર્થિક સુરક્ષા કવચ યોજના મેવાડા, વૈશ્ય, ગજ્જર, પંચોલી એમ સમગ્ર સુથાર માટેની યોજના છે.

સભાસદની સભ્ય ફી ઉંમર પ્રમાણે નીચે મુજબ છે.

ક્રમ	વય મર્યાદા	દાખલ ફી	એડીએફસી રકમ (પરત મળવા પાત્ર)	ટોટલ
૧	૧૮ થી ૨૫ વર્ષ	૧૦૦૦	૩૦૦	૧૩૦૦
૨	૨૬ થી ૩૦ વર્ષ	૧૫૦૦	૩૦૦	૧૮૦૦
૩	૩૧ થી ૩૫ વર્ષ	૨૦૦૦	૩૦૦	૨૩૦૦
૪	૩૬ થી ૪૦ વર્ષ	૨૫૦૦	૩૦૦	૨૮૦૦
૫	૪૧ થી ૪૫ વર્ષ	૩૦૦૦	૩૦૦	૩૩૦૦
૬	૪૬ થી ૫૦ વર્ષ	૩૫૦૦	૩૦૦	૩૮૦૦
૭	૫૧ થી ૫૫ વર્ષ	૪૦૦૦	૩૦૦	૪૩૦૦
૮	૫૬ થી ૬૦ વર્ષ	૪૫૦૦	૩૦૦	૪૮૦૦
૯	૬૧ થી ૬૫ વર્ષ	૫૦૦૦	૩૦૦	૫૩૦૦
૧૦	૬૬ થી ૭૦ વર્ષ	૫૫૦૦	૩૦૦	૫૮૦૦

પ્રકાશભાઇ ગજજરના જણાવ્યા પ્રમાણે ભવિષ્યમાં વિદ્યાર્થીઓને શિક્ષણ લોન, વિધવા સહાય યોજના અંગેનું આયોજન વિચારાશે.સંસ્થાના પ્રમુખ તરીકે સુરેન્દ્ર કે. મિસ્ત્રી અને સેક્રેટરી તરીકે યોગેશભાઇ પંચોલી સેવા આપી રહયા છે. વધુ વિગત માટે પ્રમુખ સુરેન્દ્રભાઇ મિસ્ત્રી (મો. ૯૪૨૮૬૧૦૦૪૬), પ્રકાશભાઇ ગજ્જર (મો. ૯૦૧૬૭ ૯૫૯૫૨), મંત્રી યોગેશભાઇ પંચોલી (મો. ૯૪૨૭૫ ૨૬૫૨૭) પર સંપર્ક કરી શકાય છે.

V - Tech Solutions

We Craft Your Imagination

HANDS TOUCH FREE... SANITIZER DISPENSER

BE HYGIENE TO STAY AWAY FROM CORONO

- Attractive Model
- Dimension 45 x 30 x 22 (cm)
- Body Type - ABS PVC
- Weight 5 Kg (Without sanitizer)
- Usage - Touch Free
- Capacity - 12 Ltr
- Spray Amount - 5 ml (optional)
- Sensing Range - 10 cm
- Voltage - 220 v 50 Hz
- Filling Cycle - > 2400 / 12 Ltr
- Power < 10 W
- Maintanance Free

- Attractive Model
- Dimension 40 x 20 x 30 (cm)
- Body Type - ABS PVC
- Weight 3 Kg (Without sanitizer)
- Usage - Touch Free
- Capacity - 8 Ltr
- Spray Amount - 5 ml (optional)
- Sensing Range - 10 cm
- Voltage - 220 v 50 Hz
- Filling Cycle - > 1600 / 8 Ltr
- Power < 10 W
- Maintanance Free

HANDS FREE... FOOT OPERATED...

- Attractive Models
- M. S. Powder Coated
- Spring Operated
- Smooth Working
- Height Adujstable Bottle Tray
- Hands Free Dispenser
- Light Weight
- Maintenance Free...

CONTACT +91 94 299 81 178

I Airport I Banks I Banquet Hall I Classes I Clinics I Factories I
I Grocery Outlets I Hospitals I Hotels I Malls & Multiplex I
I Offices I Railway Station I Schools I Shoppe I Temples I
I Social Public Area I All Gathering Places I

જામકંડોરણાનો જેનીસ મેળવી રહ્યો છે મહિને અર્ધો લાખ

રાજકોટના વિદ્યાર્થી ભવનમાં રહી ડીપ્લોમા અને નિરમામાં બી.ટેક કર્યું : પુનાની મલ્ટીનેશનલ કંપનીએ સીધી નોકરી આપી

જામકંડોરણામાં મિસ્રીકામ કરતા રાજેશકુમાર અને ઉમાબેનના પુત્રએ રાજકોટના કેળવણી મંડળના ઉપરના ભાગે વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિદ્યાર્થી ભવનમાં રહીને આત્મીય કોલેજમાં (૨૦૧૩ થી ૨૦૧૯) ડીપ્લોમા એન્જિનિયરીંગ કર્યા બાદ અમદાવાદમાં નિરમા યુનિવર્સિટીમાં બી.ટેક કર્યા બાદ ઉચ્ચ ગુણ મેળવ્યા બાદ ૨૦૧૯ થી પુનાની થમેક્ષ લીમીટેડ નામની મલ્ટીનેશનલમાં પોસ્ટીંગ આપ્યું. ૬ માસની તાલીમ બાદ હાલ જીનેશ કંપનીની રીજીયન ઓફીસમાં સેલ્સ એકઝીકયુટીવની પોસ્ટ પર કામ કરી રહયો છે અને કંપની તેને વાર્ષિક છ લાખનું પેકેજ આપી રહી છે. જીનેશ ચંદવાણિયા વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીત દરમ્યાન કહયું કે વિશ્વકર્મા દાદાના આશીર્વાદ અને માતા-પિતાના પ્રોત્સાહનથી હું સ્થાને પહોંચ્યો છું.

રાજકોટમાં વિદ્યાર્થી ભવનમાં રહીને અભ્યાસમાં પ્રોત્સાહન આપવા બદલ વિદ્યાર્થી ભવનના સંચાલક ટ્રસ્ટી સુર્યકાન્તભાઇ વડગામાનો તેમજ અમદાવાદમાં નિરમા યુનિવર્સિટીના બી.ટેક ના અભ્યાસ માટે ગાંધીનગરમાં આવેલ વિશ્વકર્મા સેવા સમાજ સંચાલિત વિદ્યાર્થી ભવન અને રહેવાની વ્યવસ્થા કરી આપવા બદલ અને માર્ગદર્શન આપવા બદલ વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર પ્રત્યે તેમણે વિશેષ આભારની લાગણી વ્યકત કરી છે. જેનસી ચંદવાડીયા કહે છે, નોકરી કરતા કરતા મારે માર્કેટીંગમાં એમબીએ પણ કરવું છે.

રાજકોટની બોર્ડીંગમાં રહીને આત્મીય કોલેજમાં ડીપ્લોમાના છેલ્લા વર્ષમાં ફર્સ્ટ કલાસ ડીસ્ટીન્શન સાથે ગુજરાતમાં પાંચમું અને કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

મિસ્ત્રી કામ કરનારનો પુત્ર આવી ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરી આજે ૧૦ માસના ટુંકા ગાળામાં જ મહિને અર્ધા લાખ મેળવી રહયો છે. તેનો વિશેષ આનંદ છે. હાલ લોકડાઉનમાં જામકંડોરણાથી વર્ક ફ્રોમ હોમ કરી રહયો છે.

જેનીસનો ભાઇ દિવ્યાંગ પણ જુનાગઢમાં ડીપ્લોમા એન્જિનિયરીંગ પુરૂ કર્યુ છે અને હવે રાજકોટમાં ડીગ્રી કરવા આવવાની તૈયારી કરી રહયો છે. જેનસી ચંદવાણીયા દિનપ્રતિદિન કારકિર્દીના ઉચ્ચ શીખર પ્રાપ્ત કરે તેવી સમગ્ર વિશ્વકર્મા વિશ્વ પરિવાર વતી હાર્દિક શુભેચ્છા...

DIGITAL EDITION

વીની વડગામા: પત્રકારત્વ ક્ષેત્રે ઉભરતું નામ

પ્રથમ મમ્મીએ કહયું આવી પરિસ્થિતિમાં કામ ન કરાય, હવે મમ્મી મારા પર ગર્વ અનુભવે છે

પત્રકારત્વ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયામાં મહિલાઓ સારુ પ્રદાન આપતી રહી છે. ખાસ કરીને ઇલેક્ટ્રોનિક્સ મીડિયા મહિલાઓ વધુ પસંદ કરે છે. અને આ ક્ષેત્રમાં સારી કામગીરી પણ કરતી રહી છે. આપણા સમાજની વીની પ્રતાપભાઇ વડગામા પણ પત્રકારત્વક્ષેત્રે દિન પ્રતિદિન પ્રગતિ કરી રહી છે. વીની વડગામા હાલ રાજકોટ ન્યુઝ નામના સોશ્યલ મીડિયામાં કામ કરી રહી છે.

દેશભરમાં અને ગુજરાતના શહેરોની સાથે રાજકોટમાં પણ કોરોના વાયરસ હાહાકાર મચાવવા લાગ્યો ત્યારે પણ વીનીએ ફીલ્ડમાં જઇને કોરોનાને લગતી સ્ટોરીમાં બનાવી હતી. આવા સમયે વીની વડગામાના મમ્મી ચિંતિત થયા હતા. અને વીનીને આવી ફરજ ન બજાવવા કહયું હતું. પરંતુ વીનીએ ગમે તેવા સંજોગોમાં પણ પોતાની ફરજ બજાવવી તે પત્રકારનો ધર્મ છે તેમ સમજાવી અને પોતાની ફરજ ચાલુ રાખી હતી. ત્યારબાદ

વીની વડગામાએ કોરોના વાયરસની પરવા કર્યા વગર અનેક સ્ટોરી બનાવી ખાસ કરીને આવી કપરી પરિસ્થિતિમાં મહિલા પોલીસ કેવી નીડરતાથી બજાવે છે. તેની સ્ટોરીઓ કરી સાથોસાથ લોકડાઉનની પરિસ્થિતિમાં ગરીબ બાળકોની શું પરિસ્થિતિ થાય છે. તેનો ચિતાર વ્યકત કરતી સ્ટોરીઓ પણ કરી. સીનર્જીના ડોકટરોની પણ સ્ટોરી કરી, પોલીસની માનવતાભરી કામગીરીની પણ સ્ટોરી કરી. સમાજમાં ચાલતા સેવા કાર્યની પણ સ્ટોરી કરી. લોકડાઉનની કપરી પરિસ્થિતિમાં પણ મારી આ કામગીરી નીહાળી મારા મમ્મી કાજલબેન હવે મારા પર ગર્વ કરે છે અને અભિનંદન પણ આપે છે.

વીનીએ તેમની કારકિર્દી સીટી ન્યુઝથી કરી અને સૌપ્રથમ ધુળેટી ઉપર સ્ટોરી કરી હતી. ત્રણ વર્ષ દરમ્યાન વીનીએ કેટીવી, અબતક, ગુજરાત મીરર, સાંજ સમાચાર વગેરેમાં પણ ફરજ બજાવી હાલ વીની રાજકોટ ન્યુઝ નામથી ચાલતા સોશ્યલ મીડિયામાં ફરજ બજાવે છે.

વીની વડગામા પત્રકારત્વ ક્ષેત્રે આગળ વધી નામના મેળવે તેવી વિશ્વકર્મા વિશ્વની હાર્દિક શુભેચ્છા...

વિશ્વકર્મા વિશ્વ

ઘર બેઠા લવાજમ ભરો,
ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.

Paytm G Pay

મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર
Paytm અથવા G Pay કરો

અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...

www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઈલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...

DIGITAL EDITION

અમરેલી જિલ્લામાં કોરોના મહામારીમાં

મામલતદાર આરઝુ ગજજર : બન્યા સાચા અર્થમાં કોરોના વોરીયર્સ

આરઝુ કહે છે, કલેકટર બનવાનો મારો સંકલ્પ છે

ભાવનગરના ઘનશ્યામભાઇ દુર્લભજીભાઇ ગજજર અને ઉવર્શીબેનની પુત્રી આરઝુ. હાલ અમરેલીમાં મામલતદાર (ચુંટણી) તરીકે ફરજ બજાવે છે. પરંતુ હાલમાં દેશભરમાં કોરોનાના હાહાકાર વચ્ચે અમરેલીમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરના ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના કંટ્રોલ રૂમ ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવી અને સાચા અર્થમાં કોરોના વોરીયર્સ બની અને સાચા અર્થમાં દેશ સેવા પ્રદાન કરી રહી છે.

હાલમાં તો લોકડાઉન દુર થયું છે. અને અનલોક એક ચાલુ છે. પરંતુ લોકડાઉનના સમયમાં કંટ્રોલરૂમના ઇન્ચાર્જ તરીકે જીલ્લાની બહાર અવરજવર કરતા લોકો માટે પરવાના કાઢવા હોય કોરન્ટાઇનની પ્રક્રિયા કરવી, શંકાસ્પદ કોરોનાના કેસોના મેડીકલ ઇન્સ્યુરન્સની કામગીરી કરવાની સાથોસાથ આવા લોકોને ગાઇડ કરવાની કપરી ફરજ તેમણે નીભાવી હતી. અને આજે પણ ફરજ નીભાવી રહી છે.

અત્યારે કોરોનાની મહામારીમાં કામ કરવાનું ઘણા લોકો ટાળે છે. કેટલાક ડોકટરોએ પણ કોરોનાની પરિસ્થિતિમાં કામ કરવાથી આઘા ભાગે છે. આવી પરિસ્થિતિમાં મહિલા ઓફીસર આરઝુ છેલ્લા બે મહિનાથી અમરેલીમાં કંટ્રોલ રૂમ ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવી રહી છે. અને વિશ્વકર્મા પરિવારનું ગૌરવ વધારતી રહી છે.

ભાવનગરમાં રાઘે રોડ પર રહેતા ઘનશ્યામભાઇ ગજજર (જાદવાણી)ની પુત્રીઓ ભાવનગરમાંથી જ એમ.કોમ. કરી જીપીએસસીની પરીક્ષા આપી અને સારો રેન્કમાં ઉર્ત્તીણ થઇ અને પ્રથમ પોસ્ટીંગ અમરેલીમાં મીરનીસ ટુ કલેકટર તરીકે

થયું. ત્યારબાદ તેમની નિમણુંક ચૂંટણી વિભાગમાં મામલતદાર તરીકે થઇ અને કોરોનાની મહામારીમાં કલેકટર આયુષ ઓકે તેમને ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં ઇમરજન્સી ઓપરેશન સેન્ટર જે ૨૪ કલાક ચાલુ રહે છે. તેમાં કંટ્રોલરૂમના ઇન્ચાર્જ તરીકેની કામગીરી સોંપી તે આજે પણ કુશળતાથી નિભાવી રહી છે.

આરઝુ ગજજર વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહે છે. મારું ધ્યેય કલેકટર બનવાનું છે. અને આ માટે યુપીએસસીની પરીક્ષાની તૈયારી ચાલુ જ છે.

આરઝુ ગજજરનું કલેકટર થવાનો સંકલ્પ સાકાર થાય તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા.

DIGITAL EDITION

આત્મનિર્ભર ગીતે દેશ-દુનિયામાં ધુમ મચાવી

મોરબીના પ્રશાંત વઘાડીયાએ ઓ.બી. ઈવેન્ટ દ્વારા લોન્ચ કરેલ



પ્રવીણ ગજ્જર

દેશ-દુનિયાની સાથોસાથ ભારતમાં પણ કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. ત્યારે આવી પરિસ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના પ્રવચનમાં દેશવાસીઓને આત્મનિર્ભર થવાનું આહવાન કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ પ્રવચનમાંથી પ્રેરણા લઇને

મોરબીના યુવાન પ્રશાંત વઘાડીયાએ પોતાના ઓ.બી. ઈવેન્ટ કંપની દ્વારા આત્મનિર્ભર ભારત નામથી ગીત બનાવી તેનું લોચીંગ થયું. જાણીતા પાર્થ ગાયક પાર્થ ગોહિલના કંઠે ગવાયેલું આ ગીત અત્યારે ભારે લોકચાહના પામ્યું છે અને પાંચકે દિવસના ટુંકાગાળામાં જ ફેસબુક,

મોબાઇલ એપ્લીકેશનના માધ્યમ દ્વારા અઢી લાખથી લોકોએ આ ગીત સાંભળીને પ્રશાંતભાઇ વઘાડીયાને અભિનંદન આપી રહયા છે. આત્મનિર્ભર ભારત ગીતના લોચીંગ સમયે મોરબી જીલ્લા એસ.પી. ડો. કરણરાજ વાઘેલા, સાંસદ મોહન કુંડારીયા, કલેક્ટર જે.વી. પટેલ, અધિક કલેક્ટર કેતન જોષીએ ઉપસ્થિત રહીને શુભેચ્છા પાઠવી હતી.

આત્મનિર્ભર ભારત ગીત આત્મવિશ્વાસને વધુ મજબુત બનાવવાના અને લોકો આત્મનિર્ભર બને તેવા ઉમદા ગીત સાથે આવેલા ઓ.બી. ઈવેન્ટ મોરબીના પ્રકાશ વઘાડીયાએ ટુંકા સમયમાં ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે ખુબ જ નામના મેળવી છે.

૨૦ વર્ષ પહેલા કી બોર્ડ આર્ટીસ્ટ તરીકે કારકિર્દી શરૂ કરનાર પ્રશાંત વઘાડીયાએ બાદમાં મ્યુઝીકલ ગ્રુપ બનાવ્યું હતું. સરળ સ્વભાવ અને કામ કરવાનો તરવળાટે તેમની કામગીરીને ચાર ચાંદ લગાવ્યા. બાદમાં તેણે ઓ.બી. ઈવેન્ટ કંપની શરૂ કરી. આ કંપની દ્વારા પ્રશાંત વઘાડીયા બર્થ ડે પાર્ટી, મેરેજ, સહિતના ઈવેન્ટ અને કોર્પોરેટ ઈવેન્ટ કરે છે.

છ એક વર્ષ પહેલા મોરબીના ટાઉન હોલમાં તેમણે જ્ઞાતિના બાળકો માટે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી બાળકોની ટેલેન્ટ બહાર લાવવાનું કામ કરી બાલ કલાકારોને સોનાના ઇનામો પણ આપ્યા હતા.

આ ઈવેન્ટમાં ધીરુભાઇ સરવૈયા જેવા કલાકર ઉપસ્થિત રહયા હતા.

છેલ્લા ૬ વર્ષથી પાટીદાર નવરાત્રી મહોત્સવનું આયોજન છેલ્લા ૫ વર્ષથી ઓ.બી. ઈવેન્ટસ દ્વારા થાય છે. નવરાત્રી મહોત્સવ કમિટીમાં અજયભાઇ ભોરીયા કે જે સમાજના અગ્રણી અને ઉદ્યોગપતિ છે. તે ઉપરાંત અલગ અલગ ક્ષેત્રના ઉદ્યોગપતિઓ સામેલ છે.

મોરબીનો પાટીદાર નવરાત્રી મહોત્સવ સૌરાષ્ટ્રનું સૌથી મોટું જાજરમાન આયોજન હોય છે. જેમાં કલાકારો તરીકે કિર્તીદાન ગઢવી, ઇન્ડીયન આઇડોલ સલમાન અલી, ફર્સ્ટ રનર અપ નીતિનકુમાર, અલ્પા પટેલ, ઇન્દ્રાણી, ભટ્ટાચાર્ય જેવા નામી કલાકારો નવરાત્રિ મહોત્સવને ભવ્યતા આપે છે.

પ્રશાંત વઘાડીયાનો ઓ.બી. ઈવેન્ટ કંપનીને વ્યાપક આવકાર મળ્યો છે. તેમના આત્મનિર્ભર ગીતને મળેલ ભવ્ય આવકારે તેની કારકિર્દીને ચાર ચાંદ લગાવી દીધા છે.

પ્રશાંત વઘાડીયા દિન પ્રતિદિન પ્રગતિના નવા સોપાન સર કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા...

વિશ્વકર્મા વિશ્વ

લવાજમ ભરવા માટે...

મોરબી

રાજુભાઇ કથ્રેચા : C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

અમદાવાદ

જયમીન ગજ્જર(બ્યુરો ચીફ) - મો. ૯૬૬૨૦ ૮૯૪૫૧

રાજકોટ

રમેશભાઇ વાઘસણા - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

મુંબઇ

પ્રવીણ બોરાણીયા - મો. ૯૮૨૦૯ ૫૩૦૧૦

જામનગર

હીનાબેન અઘેડા - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

બરોડા

બિપીનભાઇ ધ્રાંગધરિયા - મો. ૯૮૯૮૪ ૫૯૪૯૨

ચેતનભાઇ સુથાર - મો. ૯૫૭૪૩ ૮૪૫૯૩

ઓનલાઇન લવાજમ ભરવા માટે...

Visit : www.vishwakarmavishwa.com

કોરોના વાયરસ અને લોકડાઉન

અનિલ અંબાસણા



કોરોનાની લપેટમાં લગભગ આખું વિશ્વ આવી ગયું છે. કેટલાક દેશોમાં તેની ભયાનક અસર જોવા મળે છે.સાવચેતીના પગલા સાથે કેટલાક દેશોમાં તેનો પ્રભાવ ઓછો જોવા મળે છે. કોરોનાથી બચવા માટે લોકડાઉનનો સહારો લેવામાં આવી રહ્યો છે. લોકો એકબીજાના સંપર્કથી દુર, પોતપોતાના ઘરમાં રહે એ લોકડાઉનનો મુખ્ય આશય છે. કોરોનાથી બચવાનો એ એક સરળ અને સચોટ ઉપાય છે.

લોકડાઉનથી ઘણા લોકો વ્યાકુળતા, અજંપો, કંટાળો અનુભવે છે. મિત્રો, લોકડાઉનમાં ગામમાં લોકોની હરફર બંધ છે.પરંતુ બધુજ ક્યાં બંધ છે. જરા શાંતિથી સ્વસ્થતાથી વિચારો. જેમ કે ...

- સૂર્યોદય અને સૂર્યાસ્ત બંધ નથી.
- પ્રેમ, સ્નેહની અભિવ્યક્તિ બંધ નથી.
- પરિવાર સાથે સમય ગાળવો બંધ નથી.
- નમ્રતા દાખવવી બંધ નથી.
- સર્જનશીલતાને અવસર આપવામાં બંધ નથી.
- કંઇક નવું શીખવામાં બંધ નથી.
- વાતચીત સંવાદ કરવામાં બંધ નથી.
- કલ્પનાઓ/ દ્રશ્યો રચવામાં બંધ નથી.
- ગમતું કે નવું વાંચવામાં બંધ નથી.
- પ્રસંગ, ઘટના, સુવિચારો, ... કોઈપણ મુદ્દા પર લેખન માટે બંધ નથી.
- સંબંધોની જાળવણીમાં બંધ નથી.
- પ્રાર્થના કરવી, રોજ કરતાં અલગ કરવી બંધ નથી.
- ધ્યાન ધરવું, જાત સાથે સંવાદ કરવામાં બંધ નથી.
- આત્મા સાથે,પરમાત્મા સાથે સંવાદિતા સ્થાપવામાં બંધ નથી.
- ક્યારેય ન કર્યા હોય તેવા કાર્યો કરવા બંધ નથી.
- આશા, શ્રદ્ધા, ધીરજ શાંતિ રાખવી બંધ નથી.
- તમે, તમારા સંજોગ અને તમારી પાસે જે કંઈ છે તેને માણો.

લોકડાઉનએ એક એવી તક છે, એવો મોકો છે કે જે તમારે હંમેશા કરવું હતું પણ કરી શકતા ન હતા તે કરી શકશો.

લોકડાઉન દરમ્યાન અને પછી તમે તમને જુદા જ સ્વરૂપે નિહાળશો, અનુભવશો. તમે તમારી સાચી ઓળખ મેળવી શક્શો.

સ્વજનોને સ્મૃતિ ભેટ આપવા માટે અનોખા પુસ્તકો

શુભ અથવા
ધાર્મીક પ્રસંગોએ પણ
ભેટ આપી શકાય
તેવા અનોખા પુસ્તક

મારા દાદા શ્રી વિશ્વકર્મા

વિશ્વકર્મા પુરાણ સંક્ષિપ્તમાં
(પાના : ૮૪, કિંમત માત્ર ૮૦ રૂા.)

સળવળાટ

જીવનમાં નવી તાજગીનો
સળવળાટ કરાવશે આ પુસ્તક
(પાના : ૬૮, કિંમત માત્ર ૭૦ રૂા.)

૫૦થી વધુ પુસ્તક રાહત ભાવે મળશે... પુસ્તક મેળવવા સંપર્ક કરો

Ramy Publication

રમ્ય પબ્લિકેશન ૩૨૦ – હીરા પન્ના કોમ્પલેક્ષ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ   મો. : ૯૦૯૯૯૪૯૫૬૫
web : www.vishwakarmavishwa.com | email : vishwakarmavishwa@yahoo.com

Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને
મેગેઝીનમાં કોમર્શિયલ, શુભેચ્છા, ક્લાસીફાઈડ કે અન્ય
કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર,
પેમ્પલેટ,આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ
અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

કોરોના સાથે જીવતા શીખો...

ડી. જે. બાવળેચા

વાઘ ન આવ્યો હોય તો પણ વાઘ આવ્યો રે વાઘ એવી બુમો પાડવાનછી ટેવ એક છોકરાને હતી. જયારે સાચે જ વાઘ આવ્યો ત્યારે એ છોકરાને મદદ કરવા કોઇ ન આવ્યું. કોરોના આવ્યો એવો અવાજ સંભળાયો ત્યારે થોડું મોડું થયું હતું. કોરોનાએ તેનું ભયાનક અને ભયજનક સ્વરૂપ દેખાડી દીધું. સૌ હતપ્રભ થઇ ગયા.

કોરોનાની ચેપ લગાડવાની રાક્ષસી શકિત. રોગ થયા પછી ફેફસા નબળા પાડી શ્વાસ લેવાની માણસની શકિતને નહીવત કરવાની આવડત... અસરકારક દવાની ગેરહાજરીથી માનવીનું અસ્તિત્વ ભયમાં મુકાયું. નાની-મોટી સરકારોએ પોતાના હાથ ઉંચા કરી દીધા મહાસત્તાઓ ગભરાણી, દુનિયા પીગળ બની, આજ સુધીમાં સવા ત્રણ લાખ માણસોએ જીવ ગુમાવ્યો. અડધા કરોડથી વધારે લોકો કોરોનાગ્રસ્ત દર્દી બન્યા. મરતા માણસોને જોઇને, મૃતદેહોને જોઇને..., મૃતદેહો પર ફરતી જીવાતને જોઇએ..., કોરોનાથી બચવા માણસો ભાગવા માંડયા... કેટલાક માતાપિતા સંતાનોને ભુલી ગયાં. કેટલાક સંતાનો માતાપિતાને ભૂલી ગયા. બિનવારસી લાશો અંગે સાંભળીને ઘણા ગભરાયા.

કોરોનાથી આભ ફાટયું ! કયાં થીગડું મારવું ?

કોરોનાનો ચેપ એકને લાગે, એ જયાં જયાં અડે ત્યાં કોઇ અડે તો તેને ચેપ લાગે. એક અનેકને ચેપ લગાડે પરિણામે...

એક X અનેક X અનેક X અનેક = અસંખ્ય અનેક કોરોના દર્દી અને વળી અસરકારક દવા નહીં, દવાખાના નહીં, દર્દીઓને સાચવવા કયાં ? અને સારવાર કેવી રીતે કરવી ? કોરોનાની રામબાણ વેકસીન નહીં.

લોકડાઉને સારું કામ કર્યું. લોકો જાગૃત થયા. હું પ્રાયમિનિસ્ટર તરીકે નહીં તમારા પરિવારના સભ્ય તરીકે કહું છું. લોકડાઉનનું પાલન કરો. દીપ પ્રગટાવો, ઘંટ વગાડો, થાળી વગાડો, ડોકટરો તેના સહાયકો અને પોલીસ તમારા સાથીદાર છે. તેની સાથે ઝઘડા ન કરો, ઘરમાં રહો, કોઇને અડો નહીં, સેનેટાઇઝરથી હાથ ધુવો, ડરો નહીં, ઘરમાં રહો સાવચેત રહો, સલામત રહો.

પરંતુ લોકડાઉનથી બીજા અનેક હિમાલય જેવડા પ્રશ્નો ઉભા થયા. બે મહિના કામ ન કરી શકવાના લોકો પાસે રૂપિયા ન રહયા. ધંધા રોજગાર ભાંગી પડયા. કામધંધા બંધ, બાંધકામ બંધ, કારખાના બંધ, રોજનું કમાઇને રોજ ભરતાં લોકોના પ્રશ્ન હતો સાંજે શું ખાશું, છોકરાઓને શું ખવડાવશું ? રોજગાર વિના કેવી રીતે નગર કે મહાનગરમાં જીવી શકાશે ? ગામડે જશું તો રોગચાળાથી બચશું. ટાઢો અડધો રોટલો ખાઇને જીવીશું અને નિઃસહાય બનેલાં મજૂરો તેના પરિવારજનો, બાળકોએ વતન તરફ દોટ મૂકી. વાહન નથી, જવાનું ભાડું નથી ચાલીને જતાં રહીયે, કોરોનાથી બચવા કોઇ સો કિલોમીટર ચાલ્યા. કોઇ અઢારસો કિલોમીટર ચાલ્યા. પગમાં ચંપલન હતાં તોય ચાલ્યા. સરકારે ઘણી મદદ કરી ખરેખર ઘણી મદદ કરી. કોઇ કલ્પીન શકે તેટલી મદદ કરી. જયાં કરોડો રૂપિયાની જરૂર હતી ત્યાં લાખો

રૂપિયા ઓછા જ પડે ને ?

વતન તરફ જતાં લોકો ઘણા હેરાન થયા. ઘણા રસ્તામાં મરણ પામ્યાં ઘણા અકસ્માતથી મરણ પામ્યા. કોઇ ભુખ્યા મરણ પામ્યા. સાંભળ્યું છે - કોઇએ મરેલા જનાવરને ખાઇને ભુખનો ઇલાજ શોધ્યો. કોઇ કલ્પી પણ ન શકે તેવી ઘટના બનતી રહી. ભુખ્યો માણસ કયું પાપ ન કરે ?

એ વાસ્તવિકતા છે. માનવી દુઃખી હતો. જીવવું મુશ્કેલ હતું. જાણે કે માણસ મરવા પડયો હતો પણ માનવતા અમર બની.

તબીબો અને તેના સહાયકોએ જીવના જોખમે દર્દીઓની સારવાર કરી. દાનવીરો દાન આપ્યા. કોઇએ પોતાની જીવન મૂડી આપી. શાસકોને સમજાયું પૂરતા સાધનો નથી. માનવોએ કોરોના સાથે જીવતાં શીખવું પડશે. કયારે શોધાશે તે નક્કી નહીં. વેકસીન આવતા વર્ષો લાગે. દાયકો પણ નીકળી જાય.

અને વળી કોલેરા, ટાયફોડ, મેલેરિયા, ન્યુમોનિયા, પોલિયો, એઇડસ, કેન્સર, સીતળા અને હડકવાની રસીઓ ઉપલબ્ધ હોવા છતાં... એ રોગો મર્યા નથી. કોરોના બાબતે એવું બને તો ? તો આપણે કોરોના સાથે જીવતાં શીખી લેવું.

જરાક હળવાશથી વાત કરવાની હિંમત કરું ?

સિંહ કે સિંહણને રમાડતો રીંગ માસ્ટર ડરપોક ન હતો. પણ તે પત્નીથી ડરતો તેથી તે સિંહણના પીંજરામાં સુઇ જતો આપણે પણ કોરોનાથી બચવાનું શીખવું પડશે. બાળક પડતા પડતાં ચાલુ શીખે તેમ આપણે પણ મરતા મરતા જીવવાનું શીખી લેવું પડશે.

કોરોના સાથે આપણે હારીયે નહીં તે આપણો વિજય.

ઓછામાં ઓછું આપણે આટલું શીખીયે. કોરોના ભયંકર ભયાનક અને માનવીના જીવનને નાબુદ કરે તેવો રોગ છે. આપણે ગભરાયા વિના ભયભીત થયા વિના એ રોગ સામે અત્યારે ન હારવા ઝઝૂમવાનું છે. જીતીને દુનિયાને દંગ કરવાની વાત પછી આવે છે.

(૧) આપણે શરદી, ઉધરસ, છીંક અને તાવથી કેવી રીતે બચવું ? તે આપણને આવડે છે. મીઠાવાળા ખારા પાણીનાં કોગળા કરવા, હળદરવાળું દુધ પીવું. આ વાતની બધાને ખબર છે. આપણે એનો અમલ કરતાં નથી. માસ્ક પહેરો, હાથ-મોજા પહેરો વારંવાર સેનેટાઇઝરથી હાથ ધોવાની બાબતે આપણે બેદરકાર છીએ. એ બેદરકારીને ખંખેરવાનું શીખીયે.

(૨) આપણે સાવચેત રહીયે, સાવધાન રહીયે, એટલે આપણે સલામત બનીશું.

(૩) ઘરમાં રહીયે. બહાર જવાનાં બહાના ન શોધીયે. અગત્યનાં કામે અનિવાર્ય હોય તો બહાર જતાં પહેલાં અનિવાર્ય કામની યાદી બનાવીએ. ઓછામાં ઓછા સમયમાં એ કામ થઇ જાય તેવું આયોજન કરીયે.

(૪) શેરી, ગલી, મહોલ્લો, ચોરે-ચૌટે, મહોલ્લો કે સોસાયટીમાં ટોળે ન વળીયે. ચા, બીડી, કોફી કે ઠંડુ સરબત પીવા દોડાદોડી ન કરીયે. ઘરમાં રહીયે.

પારિવારિક, સામાજીક, કૌટુંબીક, ધાર્મિક કામ માટે અનિવાર્ય હોય તો જ ઘરની બહાર નીકળીએ. જવાની અનિવાર્ય જરૂર હોય તો જ જઇએ. ત્યાં જરૂરતથી વધારે ન રોકાઇએ. સભા, સરઘસ, યાત્રા, યજ્ઞ-યાત્રા વગેરેમાં અનિવાર્ય હોય તો જ જઇએ. પૂનમ ન ભરીયે કોઇની સાથે હાથ ન મીલાવીએ. ભેટીએ નહીં. કામ પતે કે તરત નમસ્તે કરીને ઘર ભેગા થઇએ. ઘરમાં રહો તેમાં તમારું હિત છે.

(૫) કપૂર, ઇજમેટના ફૂલ, અજમાના ફૂલને કાચની બોટલમાં ભેગા કરો. થોડીવારમાં જે પ્રવાહી આપોઆપ બનશે. જે અમૃત સમાન છે. એક ગ્લાસ પાણીમાં તેનું અડધું ટીપું કે એક ટીપું, પાણીમાં પીઓ, જે ઘણા અસાધ્ય દર્દની દવા છે.

(૬) તુલસીના પાન કે તુલસીના અર્કનું એક ટીપુ એક ગ્લાસ પાણીમાં સવાર-સાંજ પીઓ. તમે સાજા રહેશો.

(૭) તજ-લવીંગ-તીખાને પાણીમાં રાખો. તે પાણીનું એક ટીપું તમને નિરોગીબ નાવશે.

(૮) જેની માએ સવાસેર સૂંઠ ખાધી હોય તે કદી માંદો ન પડે. તમારે સાજા રહેવું હોય તો ખોરાકમાં સૂંઠનો ઉપયોગ કરો. મેથી પણ નિરોગી રાખે છે.

(૯) ચા પીઓ... કોફી પીઓ.. તેનાથી તમે માંદા નહીં પડો. સાવચેત રહેશો તો સાજા રહેશો. સાજા રહેવા સાવચેત રહો.

ભગવાન પર ભરોસો રાખીને જીવો. ભગવાન ભરોસે જીવશો નહીં.

લોકડાઉન પહેલાના અધુરા કામો જ ચાલે છે નવા કામ હાલમાં શરૂ થવાની શકયતા નથી : વિવિધ ક્ષેત્રના કારીગરોના મંતવ્ય

જયંતીભાઇ નગેવાડિયા

હાલમાં જ લોકડાઉન ૫.૦ પુરુ થયું છે અને હવે અનલોક ૧.૦ ચાલુ થયું છે. જેમાં કેન્દ્ર અને રાજય સરકારે નિયમોમાં ઘણી છુટછાટ આપી છે જેથી દેશના કોરોનાના હોટસ્પોટ મુખ્ય શહેરોને બાદ કરતાં દેશનાં મોટાભાગમાં મોટાભાગની ગતિવિધિ ચાલુ થઇ રહી છે ત્યારે હાલમાં લોકડાઉન બાદ સુતારીકામ, કડીયાકામ તથા પ્લમ્બીંગ કામ કરતાં ધંધાર્થી–કારીગરોનાં મત જાણ્યા ત્યારે મોટાભાગનાએ કહ્યું કે, લોકડાઉન પહેલાં જે કામો ચાલુ હતાં તે જ અધુરા કામો પુરા થઇ રહ્યા છે. નવા કામો હાલમાં શરૂ થવાની શકયતા નથી. અહીં કારીગરોનાં મંતવ્ય રજુ કર્યા છે.

અમારું કામ અનનેસેસરી છે તેથી લોકો બજેટ હોય તો જ કામ ચાલુ કરાવે છે : દિવ્યેશભાઇ ધ્રાંગધરિયા

રાજકોટનાં દિવ્યેશભાઇ ધ્રાંગધરિયાએ જણાવ્યું હતું કે, અમો છેલ્લાં ૨૦ વર્ષથી વુડન ફર્નીચરનું કામ કરીએ છીએ. હાલમાં તેઓ ફર્નીચરની સાથે ઇન્ટીરીયરને લગતું ફેબ્રીકેશન વર્ક પણ કરે છે. (જારી, દરવાજા જેવું ફેબ્રીકેશન નહીં).

વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં લોકડાઉન ખુલતા લોકડાઉન પહેલાનાં પેન્ડીંગ કામ જ પુરા કરીએ છીએ. નવા કામ કોઇ નીકળતાં નથી. લોકડાઉન બાદ લોકો હવે ફાયનાન્સીયલ રીતે વિચારે છે. અમારું કામ અનનેસેસરી છે. એવું કોઇ ખાસ જરૂરી જ હોય તેવું નથી હોતું તેથી લોકો બજેટ હોય તો જ કામ ચાલુ કરાવે છે.

વધુમાં કહ્યું કે આપણા મિસ્ત્રી ભાઇઓમાં યુનિયન કે એકતા નથી મારવાડી કારીગરોમાં એકતા છે. રાજકોટમાં બે–ત્રણ મેઇન મારવાડી કોન્ટ્રાક્ટર છે. જેઓ ફર્નીચરનાં કામ રાખે છે. હાલમાં તેઓ વતન ચાલ્યા ગયા છે તેથી આપણા કારીગરોને લાભ મળશે. પરંતુ નવા કામ ચાલુ થતા વાર તો લાગશે જ. અમો ફર્નીચર કામ કરતા ચાર–પાંચ જણાએ અંદરોઅંદર કહી રાખ્યું છે કોઇને પણ કામ મળે તો રાખી લેવું જવા ન દેતા આપણે કરી નાખશું.

દિવ્યેશભાઇને રાજકોટની નામાંકિત શાળા–કોલેજો, ઓફિસો, હોસ્ટેલનાં બેડ, કબાટ જેવા કામો બહુ રહે છે. અને વેકેશનમાં મેન્ટેનન્સના કામો રહેતા હોય છે. આ વર્ષે તો તેમાં પણ ના પાડે છે. કારણ કે લોકડાઉનના કારણે નવા એડમીશન આવતા નથી. બાકી ફી પણ નથી આવતી તેથી ફાયનાન્સીયલ પ્રોબ્લેમ છે.

લોકડાઉન પહેલા જે એપાર્ટમેન્ટમાં કે ટાઉનશીપમાં કામ ચાલુ હતા ત્યાં લોકડાઉન બાદ કોરોનાના કારણે એપાર્ટમેન્ટ વાળા કે સોસાયટીવાળાના કડક નિયમોને કારણે અમારા અધુરા કામ કરવા માટે પણ અમોને અંદર પ્રવેશવા દેતા નથી તેથી તેવા કામ પણ બંધ પડયા છે.

મારવાડી કારીગરો વતનમાં ચાલ્યા જવાથી આપણા કારીગરોની ડિમાન્ડ નીકળશે : અમિતભાઇ બાવળેચા

રાજકોટમાં આનંદનગર કોલોનીમાં રહેતા યુવા કારીગર અમિતભાઇ બાવળેચાએ જણાવ્યું હતું કે હું છેલ્લા ૧૨ વર્ષથી ફર્નીચર કામ કરું છું. હું ફર્નીચર કામના કોન્ટ્રાકટ રાખું છું. આર્કિટેકટની ડિઝાઇન પ્રમાણેના પણ કામ કરું છું. વધુમાં કહ્યું કે, નવા કામ તો દિવાળી પછી જ નીકળશે. હાલમાં

તો લોકડાઉન પહેલાનાં જે પ્રોજેકટનાં કામ ચાલુ હતા તે જ ચાલે છે. નવા પ્રોજેકટ હમણાં નહીં આવે. હાલમા લોકો જરૂરીયાત પુરતુ જ ફર્નીચર કરાવશે. હાલમાં કોઇ ભાવ વધારો નહીં મળે. ચાલે છે તે જ મળશે. હાલમાં અમદાવાદમાં લોકડાઉનને કારણે માર્કેટ બંધ હોવાથી ત્યાંથી આવતી પસંદગીની લેમીનેટ-વીનીયર આવતી નથી તેથી રાજકોટમાં હાજર હોય તે લેમીનેટમાંથી જ પસંદગી કરવી પડે છે બીજું સુતારીકામમાં વધુ જોડાયેલા છે તે મારવાડી પરપ્રાંતીયો વતન ચાલ્યા જવાથી હવે આપણા કારીગરોની ડિમાન્ડ નીકળશે.

લોકડાઉન બાદ બે સાઇટ લેવાની હતી પરંતુ લોકડાઉન બાદ બજેટ બગડી જવાને કારણે એક સાઇટ કેન્સલ થઇ છે : હિરેનભાઇ કલોલીયા

રાજકોટનાં હિરેનભાઇ ગજજર (કલોલીયા) કે જેઓ વુડન ફર્નીચરનાં કામ રાખે છે. તેમણે જણાવ્યું હતું કે, લોકડાઉન બાદ મારે બે સાઇડ લેવાની હતી પરંતુ આ લોકડાઉન બાદ દરેકના બજેટ બગડી જતાં એક સાઇટ કેન્સલ થઇ છે અને એક સાઇટ ચાલુ થઇ છે. હજુ ધંધા રેગ્યુલર થતાં બે-ત્રણ મહિના થઇ જશે. લોકડાઉનમાં મારવાડી કારીગરો વતનમાં ચાલ્યા ગયા છે તેનો થોડો ફાયદો થશે. કારણ કે તે લોકો નીચા ભાવે કામ કરતાં હવે તેઓ ચાલ્યા જતાં અમોને રેગ્યુલર ભાવ મળશે. તેમાં કોઇ કાપકુપ નહીં થાય. હાલમાં બધુ મટીરીયલ મળી જાય છે. કોઇ પ્રોબ્લેમ નથી.

નવા કોઇ કામ નથી, ચોમાસુ આવતું હોવાથી બે-ચાર દિવસનાં વાટા વુટીના કામ ચાલે છે : નટુભાઇ અજાગીયા



રાજકોટની મહેશ્વરી સોસાયટીમાં રહેતા અને વર્ષોથી નાના-મોટા મકાનનાં બાંધકામ તથા રીનોવેશનના કામ રાખતા કડીયા મિસ્ત્રી નટુભાઇ અજાગીયાએ જણાવ્યું હતું કે, લોકડાઉન બાદ નવા કોઇ કામ શરૂ થયા નથી રીનોવેશનનાં કામ પણ નથી. જેને કામ કરાવવું છે તે પણ કહે છે દિવાળી પછી. લોકોને વિશ્વાસ નથી કહે છે કદાચ લોકડાઉન પાછું આવે તો ? બીજુ મજુર વતન ચાલ્યા ગયા છે મજુર મળતાં નથી. મળે છે તેમને તેડવા મુકવા જવા પડે હાલમાં સ્કુટરમાં ડબલ સવારીની મનાઇ છે તેથી તેડવા મુકવા જઇ ન શકાય. રીક્ષામાં આવવા-જવાનું પોસાય નહીં. અત્યારે પરચુરણ કામ ચાલે છે. આ ચોમાસુ આવે છે તેથી બે-ચાર દિવસનું કે અઠવાડિયાનું કામ રહે છે.

મજુરોની ઘટને કારણે બે સાઇટનાં મજુરો ભેગા કરી એકસાઇટ ચાલુ રાખવામાં આવે છે : હસુભાઇ ટાંક

વર્ષોથી કડીયા કામ કરતાં કડીયા કામનાં કારીગર એવા રાજકોટનાં હસુભાઇ ટાંકે જણાવ્યું હતું કે, હાલમાં બીલ્ડરોનાં લોકડાઉન પહેલાંનાં જે પ્રોજેકટ ચાલુ છે તે જ કામ ચાલું છે. નવા પ્રોજેકટ હમણાં નહીં આવે બીજું બાંધકામ ક્ષેત્રમાં મજુર તરીકે કામ કરતાં પરપ્રાંતીયો પોતાના વતન ચાલ્યા ગયા છે તેથી મજુરો મળતાં નથી અને મજુરોની ઘટ રહે છે તેથી મજુરો વગર કામ બંધ રાખવું પડે છે. જેથી બીલ્ડર બે સાઇટ ચાલતી હોય તો બંનેના મજુરો ભેગા કરી એક સાઇટ ચાલુ રાખે છે. હાલમાં મકાન રીનોવેશનનું કામ ચાલુ કરવું હિતાવહ નથી કારણ કે હાલમાં રીનોવેશન કામ બહુ જ મોંઘુ પડશે.

સાઇટનાં કામ બંધ છે તેથી દિવાળી પછી નવા કામ નીકળશે તેવું લાગે છે : નવઘણભાઇ ઉકેડીયા

રાજકોટનાં પારડી રોડ પર મનોજ પાઇપ ફીટીંગનાં નામથી છેલ્લા ૨૨ વર્ષથી પ્લમ્બીંગ કામ કરતાં નવઘણભાઇ ઉકેડીયાએ જણાવ્યું હતું કે, લોકડાઉન બાદ નવા કોઇ કામ નથી. મીડિયમ કામ ચાલે છે. મજુરોનાં વાંકે સાઇટનાં કામ બંધ છે. તેથી દિવાળી પછી નવા કામ નીકળશે તેવું લાગે છે. હાલમાં પરચુરણ રીનોવેશનમાં કે કયાં તોડફોડનું કામ હોય ત્યાં પ્લમ્બીંગ કામમાં ફેરફાર કરવાના હોય તેવા પરચુરણ કામકાજ ચાલે છે.

મુંબઇના વિશ્વકર્મા બાગ તથા વિશ્વકર્મા બાગના પ્રમુખની ગરીમા જાળવવા પંકજભાઇનું રાજીનામું

બાકીના ત્રણ ટ્રસ્ટી રાજીનામા આપે : બટુકભાઇ ભાડેશિયા

મુંબઇમાં વિશ્વકર્મા બાગ તથા વિશ્વકર્મા બાગના પ્રમુખની ગરીમા જળવાય તે માટે પ્રમુખ પંકજભાઇ ભેંસાણિયાએ ઇમેઇલ પર પોતાનું રાજીનામું આપી દીધુ હોવાના સમાચાર વહેતા થયા છે.

ટ્રસ્ટી જયંતભાઇ જોલાપરાએ પણ રાજીનામું આપી દીધું છે.

૫ મેના રોજ બધા ટ્રસ્ટીઓના નામથી મેસેજ ફરવા લાગ્યો કે વહાલા સભ્યો શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ ટ્રસ્ટ કમિટી-૨૦૧૮-૨૧ એ સમાજે જણાવતા આનંદ થાય છે કે ઘણા સમયથી ટ્રસ્ટી મંડળમાં ૨ ટ્રસ્ટીઓની જગ્યા ખાલી હતી તે માટે સમાજના માનવંતા સભ્યોમાંથી તુષારભાઇ નાગજીભાઇ કથ્રેચા (વિલેપાર્લે) અને રાજુભાઇ કરશનભાઇ પંચાસરા (બોરીવલી)ને ટ્રસ્ટ કમિટીમાં સામેલ કરવામાં આવ્યા છે તેની સભ્યોએ નોંધ લેવા વિનંતી આ બંને મહાનુભાવોના ટ્રસ્ટી મંડળમાં સામેલ થવાથી સભ્યો અને સંસ્થાને માટે સમાજના દરેક કાર્યો કરવામાં વધારે સાનુકુળતા થશે તેવી આશા છે.

આ મેસેજમાં ટ્રસ્ટીઓ તરીકે પ્રાણભાઇ મહીધરીયા, પંકજભાઇ ભેંસાણીયા, જયંતભાઇ જોલાપરા, નરેન્દ્રભાઇ વડગામા, તુષારભાઇ કથ્રેચા, રાજુભાઇ પંચાસરા, હર્ષદભાઇ ઘોરેચા અને ઇન્ટરનલ ઓડીટરના નામો છે.

આ મેસેજ બાદ બાગના પ્રમુખ પંકજભાઇ ભેંસાણિયાએ તા. ૬ના રોજ મેસેજ કર્યો કે હું પંકજભાઇ મથુરભાઇ ભેંસાણિયા તા. ૬-૬-૨૦ના રોજ પ્રમુખપદેથી અને ટ્રસ્ટી તરીકે રાજીનામું આપું છું. મને રાજીનામું આપતા અત્યંત દુઃખ થઇ રહયું છે. પરંતુ રાજીનામું આપવાનું કારણ જણાવતા મારે કહેવું છે કે જયારે હર્ષદભાઇ ઘોરેચાએ ટ્રસ્ટ કમિટીના ગૃપમાં તા. ૪-૬-૨૦ના રોજ બપોરે ૧૨:૬ વાગ્યે મેસેજ મોકલ્યો અને મંતવ્ય જણાવ્યું કે ટ્રસ્ટ કમિટીમાં આપણે બે નવા ટ્રસ્ટી તરીકે કો. ઓપ કરીએ. તુષારભાઇ કથ્રેચા અને રાજુભાઇ પંચાસરાના નામ સાથે કો. ઓપ કરવાનું મંતવ્ય આપ્યું અને સાંજ સુધીમાં 'હા' માં જવાબ આપવા વિનંતી કરી.

હર્ષદભાના મંતવ્ય સાથે જવાબમાં નરેન્દ્રભાઇ વડગામા અને પ્રાણભાઇ મંતવ્ય સાથે સહમત હતા. હું અને જયંતભાઇ જોલાપરાએ અમારા વિચાર રજુ કર્યા કે આપણે વિશ્વકર્મા બાગમાં તા. ૮-૬-૨૦ના દિવસે આપણા બંધારણમાં જે પ્રમાણે હશે તેમ હાલના પાંચ ટ્રસ્ટીઓની મીટીંગ બોલાવીએ અને ચર્ચા વિચારણા બાદ બે નવા ટ્રસ્ટીને કો. ઓપ કરવાનો નિર્ણય ફાઇનલ કરીશું.

આવા નિર્ણય પ્રમાણે બંધારણના નિયમ પ્રમાણે પહેલા ટ્રસ્ટીઓની મિટીંગ બોલાવી નવા ટ્રસ્ટીના નામનું સુચન કરવામાં આવે છે અને મિનીટ બુકમાં નોંધ લેવામાં આવે છે. જે ટ્રસ્ટીને કો. ઓપ કરવા હોય અને જે ટ્રસ્ટીને કો. ઓપ કરવા હોય તેની કેસેન્ટ લેવામાં આવે છે અને પછી બીજી મીટીંગમાં ઠરાવ કરી નવા ટ્રસ્ટીને કો. ઓપ કરવામાં આવે છે. અમારા વિચારોની કદર કર્યા વગર અને વિશ્વકર્મા બાગના પ્રમુખપદની મર્યાદા રાખ્યા વિના અને મિનિટ લખ્યા વગર સાંજે ૫-૦૬ વાગ્યે હર્ષદભાઇએ તુષારભાઇ કથ્રેચા અને રાજુભાઇ પંચાસરાને અમારા ટ્રસ્ટી ગૃપમાં સામેલ કરી દીધા અને મિનિટ લખ્યા વગર હર્ષદભાઇ ઘોરેચાએ મારી મંજુરી ના હોવા છતાં મીનીટ બુકમાં લખ્યું કે બધા ટ્રસ્ટીની મંજુરીથી કો. ઓપ કરવામાં આવ્યા છે. જે મને નિયમ પ્રમાણે મંજુર નથી. વિશ્વકર્મા બાગના પ્રમુખમાંની ગરીમા ન જળવાતી હોય એટલે હું મારું રાજીનામું આપું છું. અને મારા રાજીનામાનો સ્વીકાર કરી આગળની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

મારા પ્રમુખપદ દરમ્યાન ઘણા અવરોધ ઉભા કરવામાં આવ્યા હતા. જે સમય આવતા સમાજની સામે રજુ કરીશ. મારા ટ્રસ્ટીપદના સમયમાં સમાજના કોઇપણ સભ્ય અને અમારા ટ્રસ્ટીને જાણતા અજાણતા કોઇને દુઃખ પહોંચ્યું હોય તો તેના માટે હું માફી માંગું છું.

મારું રાજીનામું બાગના ઇ-મેઇલ દ્વારા મોકલી આપું છું. આની હાર્ડ કોપી હું બાગમાં જલ્દીથી મોકલી આપીશ.

આ સમગ્ર ઘટના અંગે બટુકભાઇ ભાડેશીયાએ વિશ્વકર્મા ન્યુઝ ટુડેને જણાવ્યું હતું કે વિશ્વકર્મા બાગના ઇતિહાસમાં આવી રીતે બંધારણની અવગણના કરી કોઇ ટ્રસ્ટીઓ કો. ઓપ થયા નથી. હાલની ટ્રસ્ટ કમિટી પંકજભાઇ ભેંસાણિયાની નામથી ચુંટાઇ છે. ત્યારે વિશ્વકર્મા બાગની પ્રતિભા ખરડાય તેવા કેટલાકના આ કૃત્યનો સમાજ શું સાંખી લેશે ખરો ? બાકીના ત્રણેય ટ્રસ્ટીઓએ રાજીનામા આપી નવેસરથી ચૂંટણી આપવી જોઇએ. અત્યારે કોરોનાના વાતાવરણમાં સમાજ સેવાના બદલે સંસ્થાને બદનામ કરવાની આ ચેષ્ટાથી સમાજ સ્તબ્ધ થયો છે.

ટ્રસ્ટી જયંતભાઇ પરષોતમભાઇએ પણ રાજીનામું આપી દીધું છે. તેમણે કહયું કે કોઇ કારણ નથી પણ માનસીક તણાવ રહે છે. તો માફ કરશો તેવી વિનંતી.

મુંબઇમાં કારપેન્ટર યુનિયન દ્વારા ૧૨૦ મિસ્ત્રીઓને રાશનકીટ અપાઇ

એશોસીએશનના સભ્ય થવા અધ્યક્ષ પ્રવીણભાઇ બોરાણીયાની અપીલ

મહારાષ્ટ્રમાં વિવિધ યુનિયનો ચલાવતા યુનિયન નેતા અભિજીત રાણેના સીધા માર્ગદર્શન હેઠળ મુંબઇ-દહીંસર વિસ્તારમાં રહેતા મુંબઇ વિશ્વકર્મા બાગના ભૂતપૂર્વ ટ્રસ્ટી પ્રવીણભાઇ બોરાણીયાના અધ્યક્ષસ્થાને મહારાષ્ટ્રના મિસ્ત્રીભાઇઓનું યુનિયન ધડક સુથાર યુનિયન બનાવવામાં આવ્યું છે. આ યુનિયન દ્વારા કોરોનાની વિકટ પરિસ્થિતિમાં શ્રી અભિજીત રાણેના સહયોગથી આ યુનિયન દ્વારા પ્રવીણભાઇ બોરાણીયાએ મુંબઇમાં વસવાટ કરતા ૧૨૦ જેટલા મિસ્ત્રીભાઇઓને રાશન અને જીવન જરૂરીયાતને લગતી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુંબઇના દહીંસર, બોરીવલી, મીરા રોડ, ભાયંદર, મલાડ વગેરે વિસ્તારમાં વસવાટ કરતા અને લોકડાઉનને કારણે આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા ૧૨૦ પરિવારને પ્રવીણભાઇ બોરાણીયાના હસ્તે રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધડક કારપેન્ટર યુનિયનના અધ્યક્ષ પ્રવીણભાઇ બોરાણિયાના જણાવ્યા પ્રમાણે યુનિયનના સભ્યોને આર્થિક સહયોગ તેમજ ૫૦ વર્ષથી મોટી ઉંમરની વિવિધ બહેનોને ત્રણ હજારની આર્થિક સહયોગ આપવાની કાર્યવાહી ચાલુ છે. મિસ્ત્રીભાઇઓને યુનિયનમાં જોડાવાતેઓએ આમંત્રણ આપ્યું છે. વધુ માહિતી અને ધડક સુથાર કારપેન્ટર યુનિયનના સભ્ય થવા પ્રવીણભાઇ બોરાણિયા (૯૮૨૦૯ ૫૩૦૧૦) પર સંપર્ક કરવા જણાવાયું છે.

વિશ્વકર્મા બાગ અને મહિલા ઉત્કર્ષ સમિતિ તરફથી પોલીસને માસ્ક અપાયા



દેશભરમાં કોરોનાની મહામારીમાં માસ્ક પહેરવું ફરજીયાત છે. માસ્કના અનેક ફાયદા તો જ છે. પરંતુ કોરોના સામે સાવચેતીના પગલાના ભાગ રૂપે માસ્ક સારું એવું ઉપયોગી છે. આજે માસ્ક જીવન જરૂરીયાતની ચીજ બની ગયા છે. ત્યારે વધુ અસરકારક અને વધુ ચાલે તેવા માસ્ક પણ બનવા લાગ્યા છે. મુંબઇમાં ફરજ બજાવતી પોલીસને આ વધુ સુરક્ષા બક્ષતા માસ્ક આપીએ તો કેમ ? તેવા વિચારથી અતુલભાઇ અને સમતાબેન મહીધરીયાએ શીલ્ડ માસ્ક બનાવ્યા. આ માસ્કબ નાવી મુંબઇની મહિલા ઉત્કર્ષ સમિતિ તરફથી મુંબઇની ડીએન નગર પોલીસ સ્ટેશનને ભેટમાં આપ્યા. આ ઉપરાંત મુંબઇના વિશ્વકર્મા બાગે પણ અતુલભાઇના બનાવેલ માસ્ક પોલીસને અર્પણ કરી સેવાનું ઉમદા ઉદાહરણ પુરુ પાડયું છે.

રાજકોટનાં વિશ્વકર્મા મંદિર સહિત ચાર સંસ્થામાં ઓટો સેનેટાઇઝ મશીન ભેટ આપતા સુનીલ નગેવાડિયા

દેશઅને દુનિયામાં કોરોનાને કારણે હાલમાં સોશ્યલ ડીસન્ટન્સ, માસ્ક બાંધવું તથા સેનેટાઇઝર કરવું એવા કડક નિયમો આવી ગયા છે. સોશ્યલ ડીસન્ટન્સ જાળવવું અને માસ્ક બાંધવું એ લોકોની ફરજ છે. પરંતુ લોકોનો જયાં જાય છે તેવી જગ્યાએ બેંક, ઓફીસ, ફેકટરી, મોલ, હોસ્પિટલ, ધાર્મિક સંસ્થા, શૈક્ષણિક સંસ્થા વગેરે જગ્યાએ સેનેટાઇઝર કરવા એક કર્મચારી રાખવો પડે છે. હાલમાં પગેથી પેડલ દબાવીને સેનેટાઇઝનીંગ કરી શકાય તેમાં અને સેન્સર વાળી ઓટોમેટીક સેનેટાઇઝ મશીન આવ્યા છે. જેનો લોકોએ પોતાની રીતે જ ઉપયોગ કરીને સેનેટાઇઝ કરવાનું હોય છે.

હાલમાં આ નવા નિયમોને કારણે કર્મચારી રાખ્યા વગર આપણા સમાજની

સંસ્થામાં આ સેનેટાઇઝીંગની વ્યવસ્થા ઓટોમેટીક થાય તેવા શુભઆશયથી રાજકોટનાં રીટેકસ મેન્યુફેકચર્સવાળા સ્વ. અમુભાઇ નગેવાડિયાના પુત્ર સુનિલ નગેવાડિયાએ દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા મંદિર, રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, ગુર્જર સુતાર કન્યા છાત્રાલય તથા કેળવણી મંડળની ઉપર આવેલ કુમાર છાત્રાલય ખાતે સેન્સરવાળા ઓટો સેનેટાઇઝ મશીન આ ચારેય સંસ્થાને ભેટ આપ્યા છે અને ઇન્સ્ટોલ પણ કરાવી આપ્યા છે અને તે કાર્યરત થઇ ગયા છે.

હાલમાં કોરોનાની મહામારીમાં વિશ્વકર્મા મંદિરે દાદાના દર્શનાર્થીઓ શૈક્ષણિક સંસ્થામાં આવતા વિદ્યાર્થીઓ પોતાના હાથ આ મશીનમાં સેનેટાઇઝ કરી શકશે અને સરકારનાં નિયમોનું પાલન પણ થશે.

મુંબઇ ગુ.સુ. યુવક મંડળ દ્વારા જરૂરીયાતવાળા માટે સમર્પણ સેવા

''માનવી નાનો પણ માનવતા મોટી
સત્કાર્યો સંપત્તિ થી વધારે મૂલ્યવાન હોય છે.''

સમય ખુબજ કટોકટી અને એકબીજા ને સાચવાનો છે અને આવા સમયે આપણા સ્વજનોને આપણા ની હૂંફ મળે એ વિચાર ને ધ્યાન માં લઇ શ્રી.ગુ.સુ. યુવક મંડળે તાજેતરમાં કોરોના વાયરસને કારણે ઉદભવેલી પરિસ્થિતિમાં શ્રી ગુ.સુ.વિશ્વકર્મા બાગ મુંબઈના જરૂરીયાતવાળા સભ્યોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ઘેર બેઠા વિનામુલ્ય મળી રહે તેવું આયોજન શ્રી ગુર્જર સુતાર યુવક મંડળ મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમર્પણ સેવાના નામથી કર્યું છે. આ સેવા અંતર્ગત જરૂરીયાતવાળા વિશ્વકર્મા બાગના સભ્ય પરિવારને ૨૮ જેટલી ચીજવસ્તુઓની ૩૬ કિલો વજનની કીટ ૨૪૦ સભ્યો થી વધુ લોકો ને ૨૫ મેં પહેલા પહોંચતી કરવામાં આવી છે.

શ્રી ગુર્જર સુતાર યુવક મંડળ મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરપર્સન શ્રી વિરલ ઘરવલીયા, નિમિત ઉમરાણીયા, અમિત મિસ્ત્રી, અલ્પેશ પંચાસરા, આરતી વડગામા, મેન્ટોર સ્વપ્નિલ વડગામા અને સોહિલ મિસ્ત્રી ખુબજ ગર્વ અનુભવે છે કે તેઓ જ્ઞાતિજનોને મેં આવી વિકટ પરિસ્થિતિ માં મદદરૂપ થઇ શક્યા.

શ્રી ગુર્જર સુતાર યુવક મંડળ મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ ની આ સમર્પણ સેવામાં જે જ્ઞાતિજનો ધનથી સેવા આપી છે તે તમામ સભ્યો ને આભાર વ્યક્ત કરે છે. અને દરેક એરિયા માં કીટ ડિસ્ટ્રીબ્યુશન કરવામાં તન-મન થી સહભાગી થનાર જમનભાઈ પીસવાડિયા (ભીવંડી), કિશોરભાઈ સિતપરા(દહીંસર),સુરેશભાઇ અનુવાડિયા (બોરીવલી), જીતુભાઇ વડગામા (ભાયંદર),અલ્પા બેન અનુવાડિયા (મીરાંરોડ), કિશોર વઘાડિયા (ઘાટકોપર) અને તમામ યુવા સભ્યો નો આભાર વ્યક્ત કરે છે.

સદા સંસ્થા ના લાભાર્થે કાર્યરત રહેનાર શ્રી ગુર્જર સુતાર યુવક મંડળ મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આવી પરિસ્થિતિમાં લોકો નું સ્વાસ્થ્ય નિરોગી રહે એવી વિશ્વકર્મા પ્રભુને પ્રાર્થના.

સંપર્કઃ શ્રી ગુ . સુ . યુવક મંડળ મુંબઈ.ચે. ટ્રસ્ટ. મો. ૯૯૨૦૩૦૨૩૦૨, અલ્પેશ પંચાસરા મો. ૯૯૨૦૧૦૧૦૯૯, વિરલ ઘરવલીયા - મો . ૯૮૧૯૯૦૭૦૪૪

સંપાદકની વાત...

કેમ છો બાલમિત્રો, મજામાં ને ?

અત્યારે ગરમી ખૂબ પડે છે, સાથે કોરોના વાઈરસનું સંક્રમણ પણ છે. માટે કાળજી રાખવી. ઘરમાં રહો. સુરક્ષિત રહો. વારંવાર હાથ ધોવા અને સાવચેતી રાખવી. ઘરમાં રહીને વિવિધ પ્રવૃતિ કરવી જેથી રચનાત્મક અભિગમ કેળવાય અને સમય પણ પસાર થાય.

આ અંકમાં બાળ સાહિત્ય રજૂ કર્યું છે આશા છે ગમશે.

સ્ટે હોમ, સ્ટે સેફ શુભેચ્છાઓ સાથે... આવજો.

- સંપાદક (મો. ૯૯૭૯૨ ૩૭૨૫૯)

બકરીની હોશિયારી

- પ્રીતિ એમ. પટેલ

એક કરણપુર નામના ગામમાં એક ભરવાડ રહેતો હતો. તેને પોતાને ઘેર ઘણા બધા ઘેટા-બકરાં રાખતો. તે દરરોજ સવારે પોતાના ઘેટા-બકરાં ચરાવવા વગડામાં જતો અને સાંજે ઘેર પાછો ફરતો. આ તો એનો રોજનો ક્રમ હતો.

એક દિવસ એવું બન્યું કે એ સવારે પોતાના ઘેટા-બકરાં લઇને વગડામાં ગયો એને સાંજે પાછો પણ ફરી ગયો. પરંતુ તેના ટોળામાંથી એક બકરી છૂટી પડી ગઇ એ રસ્તો જ ભૂલી ગઇ. બીજી બધી બકરીઓ અને ઘેટાંઓ ઘેર આવી ગયા. પણ પેલી બકરી તો જંગલમાં જ રહી ગઇ.

બિચારી બકરી ! એ તો આમ જાય. તેમ જાય, આમ દોડે, તેમ દોડે પણ રસ્તો મળે નહીં. સાંજ પછી તો રાત પાડવા લાગી.

ધીમે-ધીમે અંધારું વધવા લાગ્યું. જંગલમાં સિંહ, વાઘના આવજો આવવા લાગ્યા. બકરી તો ડરવા લાગી. પણ તે તરત જ સ્વસ્થ પણ થઇ ગઇ. તેને વિચાર્યું, હવે ડરવાથી શું થશે ? ડરવાથી રસ્તો થોડો મળી જવાનો છે ? યોગ્ય જ કહયું છે કે ડર કે આગે જીત હૈ.

રાત્રે કોઇ હિંસક પ્રાણી આવી જાય તો શું કરવું ? એણે મનોમન એક યુકિત

વિચારી લીધી.

તેણે આજુબાજુ નજર દોડાવી અને થોડે દૂર ધૂળમાં એક સિંહનું પગલું જોયું. તેણે તે પગલાંની ફરતે એક નાનું કુંડાળું બનાવ્યું અને તેની બાજુમાં બેસી ગઇ.

થોડીવારમાં એક ઝરખ આવ્યું અને બકરી ને કહે, તને ખાઇ જાઉં. પણ બકરી ડરી નહીં. એ બોલી, આ બાજુ જો. કોનું પગલું દેખાય છે ?

ઝરખ કહે, સિંહનું દેખાય છે.

બકરી કહે, તેથી જ કહું છું કે મને ખાતા પહેલા સો વખત વિચાર કરજે. સિંહ નદીમાં નહાવા ગયો છે. હું તેના પગલાનું ધ્યાન રાખું છું.

પેલું ઝરખ નરમ પડી ને કહે, એમ વાત છે બહેન ! અરે, પણ હું થોડો તને ખાવાનો છું પણ મહેરબાની કરીને સિંહને મારી વાત ન કરતાં.

સિંહનું નામ પડતા તો ઝરખ ગભરાઇ ગયું અને ડાહયા ડમરા થઇ ત્યાંથી જતું રહ્યું. બકરી ને તો આ ઉપાય ગમી ગયો. એની ચિંતા દૂર થઇ ગઇ.

પછી તો થોડીવારમાં દીપડો પણ આવ્યો અને રીંછ, ચિત્તો વગેરે પ્રાણીઓ પણ વારાફરતી આવી ને ગયા. બકરીને ડરાવવા, એને ખાવા, પણ બકરી તો સિંહના પગલાંની બીક બતાવી બધાને ડરાવી દેતી. બધા સિંહના નામથી જ ડરી જતાં. અને ગભરાઇ ને પાછા ભાગી જતાં.

એમ કરતાં સવાર પડી ગઇ અને અજવાળું થતા બકરી દોડી પોતાને ઘેર પહોંચી ગઇ ! માત્ર સિંહનું નામ દઇ ને !

સાચું જ કહેવાયું છે–

ધીરજ ને ચતુરાઇ થી. કામ કઠણ જે હોય, જલ્દી પાર પડે છે, ભલે રહે સૌ જોઇ.

સૌજન્ય : બાલ સેતુ

પ્રેરક પ્રસંગ

૧૯૨૮માં નોર્વેની સુપ્રસિદ્ધ લેખિકા અનસેટને નોબલ પુરસ્કાર મળ્યો હતો. અનેક પત્રકારો એમને ઘેર જઇ પહોંચ્યા. શ્રીમતી અનસેટ શયનખંડની બહાર આવ્યા અને બોલ્યા, મને ક્ષમા કરો ! મને હમણાં સમય નથી.

કેમ નથી પત્રકારોએ પૂછયું. એમને જવાબ મળ્યો : હમણાં હું મારા બાળકોને હાલરડાં ગાઇ ને સંભળાવું છું. પુરસ્કાર મળવાથી મને આનદ થાય છે. પણ એટલો, નહીં જેટલો આનંદ શાંતિપૂર્વક મારા બાળકો સાથે ગાળવાથી મને મળે છે. **સૌજન્ય : નવનીત-સમર્પણ (બાલ ને કરીએ વહાલમાંથી)**

થોડીવાત વડીલો સાથે

મોટેરાંઓ બાળકોને ચાહે છે ખરા, પણ ઓળખતા નથી. કોઇને એમ કહવુ કે તમે અમારા બાળક ને ઓળખતાં નથી એ હસવા જેવું લાગશે. વાત સાચી છે. બાળક અજ્ઞાન છે. અબૂધ છે. બાળક મૂર્ખ હોય, બાળક માથાકૂટ કરાવે, બાળ કચકચિયું હોય, બાળકથી કશું ન થાય. બાળક ભાંગી નાખે, બાળક ફોડી નાખે – આવા અનેક ખોટા ખ્યાલો બાળક વિશે બધે જોવામાં આવે છે. આ બધા ખ્યાલો બાળક ને અનુકુળ બનવાની મોટેરાંઓની અણઆવડત અને અજ્ઞાનમાંથી પેદા થાય છે. બાળકને અનુકૂળ થવાને બદલે બાળકે જ આપણને અનુકૂળ થવું જોઇએ એવો દુરાગ્રહ મોટેરાં રાખે છે.

- હરભાઇ ત્રિવેદી

બાલ જોડકણા

- મહેબુબ અ. સૈયદ બાબા

એક વૃક્ષે માંડી વારતા,
ડાળીથી તાલ્રી પડતાં
તાલ્રી પડે તો આવે હવા,
ખીલે ફૂલડાં નિત નવા નવા
ગાતા પાન રૂપાળા ગીત.
ગીત સાંભળે સમીર શીત
શીતળ શીતળ મીઠી હવા,
પહેરે વૃક્ષો પોશાક નવા
નવા કપડાંને નવી વારતા
ભાઇ માંડે વૃક્ષો નવી વારતા.

સૌજન્ય : પગલી - બાલ જોડકણા - શબ્દ ચિત્ર

કહો જોઇએ

એવું શું છે કે જે બહાર મફત મળે અને દવાખાનામાં વેચાતું મળે ?
જવાબ છે : ઓકિસજન

હસી લઇએ

બાબુ : મારા કાકાની પાસે સાઇકલથી માંડીને હવાઇજહાજ સુધી બધું જ છે.

કનુ : તારા કાકાનો વેપાર શું છે ?

બાબુ : તેમને રમકડાંની દુકાન છે !!

સૌજન્ય : પુસ્તકાલય

એક વિચાર

બાળકોને ટીકાકારો કરતાં ઉદાહરણરૂપ વ્યકિતઓની વધુ આવશ્યકતા છે.

- જેબેરી (બાલવંદનામાંથી)

શ્રદ્ધાંજલી

સ્વ. સરસ્વતીબેન ભગવાનજીભાઈ પિલોજપરા (ઉ.વ. ૭૮)

જીવનની હરપળ હસતાં રહયાં, સ્નેહથી સૌના હૈયે વસતા રહયાં,
દરેકને ઉપયોગી થવા જ ઝઝૂમતા રહયા
સદા મદદરૂપ બનતા રહયા
આપ દેહથી ભલે દુર થયા પણ આત્માથી હંમેશા અમારી સમીપ છો,
આપના આશિષનાં સર્દવ અભિલાષી અમે...

ઉમેશભાઈ ભગવાનજીભાઈ પિલોજપરા
ભકિતબેન ઉમેશભાઈ પિલોજપરા
મયંકભાઈ ઉમેશભાઈ પિલોજપરા
રિદ્ધિબેન મયંકભાઈ પિલોજપરા
પ્રણવભાઈ ઉમેશભાઈ પિલોજપરા

વિનયભાઈ ભગવાનજીભાઈ પિલોજપરા
ઉમાબેન વિનયભાઈ પિલોજપરા
મૃણાલ વિનયભાઈ પિલોજપરા
જૈમીન વિનયભાઈ પિલોજપરા

સ્વ. મનિષભાઈ ભગવાનજીભાઈ પિલોજપરા
બિંદુબેન મનિષભાઈ પિલોજપરા
પ્રિયા મનિષભાઈ પિલોજપરા
આયુષ મનિષભાઈ પિલોજપરા

અલ્પનાબેન અમૃતલાલ વડગામા
અમૃતલાલ નાગજીભાઈ વડગામા
કોકીલાબેન જસ્મીનભાઈ ભાલારા
જસ્મીનભાઈ ગોપાલભાઈ ભાલારા

તથા પિલોજપરા પરિવારના જયશ્રીકૃષ્ણ

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2018-2020. Posted at Rajkot RMS on 10th of Every Month

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક

વિશ્વકર્મા વિશ્વ

હવે ઘર બેઠા લવાજમ ભરો
ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો

૯૪૨૬૨ ૨૯૫૬૫ પર Whats App કરો

નામ, એડ્રેસ, મોબાઈલ નંબર લખી જાણ કરો

વિશ્વકર્મા વિશ્વ મળતું થઇ જશે.

અથવા

ઓનલાઇન વાંચવા તેમજ લવાજમ ભરવા મુલાકાત લો.

www.vishwakarmavishwa.com

અથવા ડાઉનલોડ કરો મોબાઈલ એપ...

Available on : Google play | App Store

રમ્ય પબ્લીકેશનના
નવા પ્રોજેકટ માટે પ્રત્યેક
તાલુકા અને જિલ્લા મથકોમાં
કામ કરી શકે તેવા
પ્રતિનિધિઓ/એજન્ટ
જોઈએ છે...

સંપર્ક : પ્રવીણ ગજ્જર
મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫

વિશ્વકર્મા વિશ્વ + E-Magazine + readwhere + magzter + facebook

૨,૦૦,૦૦૦+ વાંચકો

Ramy Publication
૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧. ફોન : ૦૨૮૧-૨૪૬૧૮૫૮
Web : www.vishwakarmavishwa.com,
E-mail : vishwakarmavishwa@yahoo.com